### રેશનિંગ કાર્ડ ધારકે જિલ્લા પુરવઠા અધિકારીને પત્ર પાઠવ્યો

# લ્યો બોલો : વીજપડીમાં ગત માસનો અનાજનો જથ્થો આપવાને બદલે રૂપિયા ૪૦૦ની ઓફર

### ગરીબોનુ અનાજ બારોબાર વેચી મરાતુ હોવાનો આક્ષેપ

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલાનાં વીજપડી ગામનાં હાર્દિકભાઈ રાઠોડે જિલ્લા પુરવઠા અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, છેલ્લા બે માસથી અમોને રેશનીંગનો પુરવઠો મળેલ નથી. ગત બીલ આપ્યુ ત્યારે બે માસનો પુરવઠો લેવા ગયો ત્યારે જવાબ આપ્યો કે ચાલુ માસનો પુરવઠો મળશે ગત માસનાં રૂા. ૪૦૦/– રોકડા મળશે. મેં બન્ને માસનો પુરવઠો લેવો છે. તેવો આગ્રહ રાખ્યો. પરંતુ અમોને પુરવઠો ગત માસનો નહીં મળે જોતા હોય તો ગત માસનાં રૂા. ૪૦૦/– લઈ લ્યો આવુ અનેક રેશનકાર્ડ – ધારકો સાથે વર્તન થાય છે.

વીજપડીનાં પૂર્વ સરપંચ અને સીનીયર એડવોકેટ પાસે ગયેલ તો તેણે એવો જવાબ આપ્યો કે લોકોમાં જાગૃતિ નથી એટલે આવુ ચાલ્યા કરે છે. અમોને જાણવા મળેલ છે કે વીજપડીનો પુરવઠો બારોબાર સાવરકુંડલા ગોડાઉનેથી જ વેચાય છે. સરપ્રાઈઝ ચેકીંગ કરો. અને અમરેલીથી તપાસ આવે તો મને તેમજ મારા જેવાં અનેક જરૂરતમંદોને લાભ મળી શકે તેમ છે. તેમ અંતમાં જણાવેલ છે.

### સાંસદ, ધારાસભ્ય અને ભાજપા પ્રમુખ વેપારીને મળ્યા

# બાબરા : જીએસટીમાં ઘટાડો અને સ્વદેશી અપનાવો અભિયાન અંતર્ગત વેપારીની મુલાકાત

### પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર પણ સાથે જોડાયા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૨૭

બાબરામાં શહેર અને તાલુકા ભાજપના સયુંકત ઉપક્રમે કેન્દ્ર સરકાર દ્વારા જી એસ ટી ઘટાડો અને સ્વદેશી અપનાવોના મુહિમ સાથે શહેરના વેપારીઓ સાથે મુલાકાત કરી વિવિધ જીએસટી ઘટાડો અને સ્વદેશી અભિયાનના સ્ટીકર વેપારીઓના દુકાનમાં લગાડવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસિયા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા, જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જગદીશભાઈ નાકરાણી, તાલુકા ભાજપ અગ્રણી અજિતભાઈ ખોખરીયા, પાલિકા પૂર્વ પ્રમુખ વનરાજભાઈ વાળા, રસિકભાઈ ગોજારિયા, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર, ભુપતભાઈ બસિયા, કરીમભાઈ કોટડીયા, આસિફભાઈ વાળા, જગુભાઈ ખાદા, ધર્મેશભાઈ વાવડીયા, લલિતભાઈ વેકરીયા, સહીતના ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ધારાસભ્ય સાંસદ અને જિલ્લા ભાજપના પ્રમુખ સહિત ભાજપના સ્થાનિક અગ્રણીઓ દ્વારા શહેરના વેપારીઓ દ્વારા વેપારીઓની જીએસટી ઘટાડો બાદ વેપાર ધંધામાં કેટલો ફાયદો અને વૃધ્ધિ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વેપારીઓ દ્વારા સંતોષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે જીએસટીના દર ઘટાડો આવતા ખૂબ ખરીદી વધી છે તેમજ સ્વદેશી અભિયાન અપનાવો તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

### ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

# લીલીયા મોટાનાં સનાળીયા ગામે વિકાસ કાર્યો અંગે આગેવાનોની બેઠક યોજાઈ

### જનલક્ષી યોજનાનો ડોર ટુ ડોર પ્રચાર કરવા જણાવાયુ



અમરેલી, તા. ૨૭

લીલીયા તાલુકાના સનાળીયા ગામે વિકાસ કાર્યો અંગે વિશેષ બેઠક યોજાઈ. આ બેઠકમાં તાલુકાના આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ વિસ્તારના ચાલુ અને આગામી વિકાસ કાર્યોની સમીક્ષા કરવાનો તથા ગામના લોકોને સીધો લાભ મળી રહે તે માટે જરૂરી ચર્ચા કરવાનો હતો.

બેઠક દરમિયાન અધિકારીઓએ જણાવ્યું કે સરકાર દ્વારા અનેક જનહિતકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેનો લાભ ગામના દરેક નાગરિક સુધી પહોંચાડવો અગત્યનો છે. ખાસ કરીને ગરીબી નિવારણ, શિક્ષણ, આરોગ્ય, મહિલાઓના સશકિતકરણ અને કૃષિ આધારિત યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપસ્થિત કાર્યકરોને સમજાવવામાં આવ્યું કે તેઓ ગામના દરેક ઘેર જઈને આ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરે, જેથી કોઈપણ હકદાર પરિવાર સહાયથી વંચિત ન રહે.

બેઠકમાં રસ્તા, પાણી, સ્વચ્છતા, વીજળી તથા શૈક્ષણિક સુવિધાઓના વિકાસ અંગે પણ ચર્ચા કરવામાં આવી. ગ્રામજનોની માંગ અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં પ્રાથમિકતા કયા મુદ્દાઓને આપવી તે અંગે વિચારવિમર્શ થયો.

આ પ્રસંગે આગેવાનો અને કાર્યકરોને પ્રોત્સાહિત કરતાં જણાવાયું કે વિકાસ કાર્યમાં સૌની ભાગીદારી જરૂરી છે. સરકાર–ગ્રામજન અને કાર્યકરો વચ્ચે સુમેળ જળવાઈ રહે તો જ વિસ્તારનું સમાન અને ઝડપી વિકાસ શક્ય બને છે. સનાળીયા ગામે યોજાયેલી આ બેઠક માત્ર વિકાસ કાર્યોની સમીક્ષા પૂરતી જ ન રહી, પરંતુ કાર્યકરોને જનહિતકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પ્રેરિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ કડી સાબિત થઈ.

### રહેણાંક મકાનને રેઢુ મુકવુ મુશ્કેલ

# સાવરકુંડલાનાં પ્રૌઢ સારવાર માટે બહાર ગયા ને મકાનમાં ચોરી

### સોનાની બુટીની થઈ ઉઠાંતરી

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા ગામે આવેલ મારૂતિનગર શેરી નં. ૨, માંધનાબાપુની જગ્યા પાસે રહેતા કિશોરભાઈ નાથભાઈ ગોહીલ નામના ૫૪ વર્ષિય આધેડ ગત તા. ૨૩ના રોજ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યે દરમિયાન અમરેલી ગયેલ હતા અને અમરેલી દવાખાનેથી સારવાર કરાવીને સાંજના પોતાના ઘરે પરત આવેલ તે સમય દરમ્યાન તેમનાંના ઘરમાંથી સોનાની બુટી નંગ–૨ કિંમત રૂપિયા ૧૨,૨૩૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### યુવતીઓ, મહિલાઓની રાત્રિનાં સમયે અવર જવર છતાં તંત્ર બેફિકર

# અમરેલીમાં નવરાત્રિનાં દિવસોમાં સીનિયર સિટીઝન પાર્ક અને ઓમનગર માર્ગ પરની સ્ટ્રીટલાઈટ બંધ

### નબળા જનપ્રતિનિધિઓને પાલિકાનાં કર્મચારીઓ ગાંઠતા નથી





અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં એક તરફ નવરાત્રિનો માહોલ જબ્બરો જામી રહયો છે રાત્રિનાં સમયે યુવતિઓ, મહિલાઓ મોટી સંખ્યામાં માતાજીના દર્શને કે ગરબા લેવા માટે અવર જવર કરતી હોવા છતાં પણ સીનિયર સિટીઝન પાર્ક અને ઓમનગર તરફ જતાં માર્ગની સ્ટ્રીટલાઈટ ઘણા દિવસોથી બંધ જોવા મળી રહી છે.

નવરાત્રિનાં દિવસોમાં કોઈ અઘટિત ઘટના બનશે તો તેની જવાબદારી પાલિકાનાં રોશની વિભાગની રહેશે. પાલિકાના નગરસેવકથી લઈને પ્રમુખ સુધીના જનપ્રતિનિધિઓને કર્મચારીઓ ગાંઠતા નથી. ચીફ ઓફીસર પણ શહેરને સુંદર અને રળિયામણુ બનાવવા સક્રીય થતા નથી તે હકીકત છે.

### એડવોકેટ વનરાજભાઈ વાળાની દલીલો સફળ

# બગસરા પો.સ્ટે.નાં ૩૦૭ના ગુન્હાનાં આરોપીનાં આગોતરા જામીન મંજુર



ચલાલા, તા. ૨૭

બગસરા પોલીસ સ્ટેશનના ગુનારજીસ્ટાર નંબર: ૫૦૧૭૮/૨૦૨૫ તા. ૧૨/૭/૨૦૨૫ના રોજ બીએનએસ એકટની કલમ–૧૦૯(૧), ૧૧૮(૧), ૩૫૨, ૧૨૬ (૨), ૫૪ મુજબનો ગુન્હો નોંધાયેલો હતો. આ ગુન્હાના કામે કૌશલરાજ ઉર્ફે નાની દુડી બટુકભાઈ ધાધલ તથા મયંક કોટીલા, તથા કમલ આરોપીઓને આઈ.પી.સી. ૩૦૭ જેવા ગંભીર ગુન્હામાં ધરપકડ કરેલ હતી ગુન્હાના આ કામના ત્રણેય આરોપીઓને સીનીયર એડવોકેટ વનરાજભાઈ વાળાએ રેગ્યુલર જામીન મહે. ધારી થર્ડ એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાંથી મંજુર કરાવેલ.

ત્યાર બાદ બગસરા પોલીસએ તા. ૨૨/૮/૨૦૨૫ના રોજ બગસરાના મે.જયુડી.મેજી.ફ.ક. જજની કોર્ટમાં બી.એન.એસ.ની કલમ ૨૪૯(બી)નો ઉમેરો કરવાની અરજી કરવામાં આવેલ જે અરજીને ધ્યાને લઈ બગસરાના મે.જયુડી.મેજી.ફ.ક. જજ દ્વારા કલમ ઉમેરવા માટે પરવાનગી આપવામા આવેલ હતી જેથી અક્ષયરાજ ઉર્ફે મોટો દુડી દેવેન્દ્રભાઈ ઉર્ફે બટુકભાઈ ધાધલની બગસરા પોલીસ ધરપકડ કરવા માંગતા હોય જેથી અક્ષયરાજ ઉર્ફે મોટો દુડી આગોતરા જામીન પર મુકત થવા આગોતરા જામીન અરજી મહે. ધારી થર્ડ એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં દાખલ કરેલ અને આ કામે અક્ષયરાજ દેવેન્દ્રભાઈ ધાધલ તર્ફે ધારીના સીનીયર એડવોકેટ વનરાજભાઈ વાળા રોકાયેલા જેઓની ધારદાર દલીલો તથા રજુ કરેલા પુરાવાઓને ધ્યાને લઈ ને મહે. ધારી થર્ડ એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ ઈન્ચાર્જ ડી.એસ. વાસ્તવ આરોપીના આગોતરા જામીન મંજુર કરવાનો હુકમ કરેલ છે.

### ભગતપરા સામેની પડતર જગ્યામાં

# લાઠીમાં સ્ટ્રીટ લાઈટનાં અજવાળે જુગાર રમતાં ૫ પત્તાપ્રેમી ઝડપાયા

### પોલીસ ૧૦,૨૬૦ની રોકડ કબ્જે કરી



અમરેલી, તા. ૨૭

લાઠીના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. સોનીની સુચના અને માર્ગદર્શન નીચે લાઠી પોલીસ ટીમ દ્વારા લાઠી ટાઉનમાં ભગતપરા વિસ્તારની સામે આવેલ પડતર જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર જગ્યામાં, પૈસા પાનાથી હાર–જીતનો જુગાર રમતા હોવાની બાતમી મળતા લાઠી પોલીસે દરોડો પાડી લાઠી ગામે રહેતા લાલજીભાઈ બાજુભાઈ ચારોલીયા, જગદીશભાઈ ધીરૂભાઈ ચારોલીયા, સંતોષભાઈ અશોકભાઈ મીઠાપરા, હિતેષભાઈ ભરતભાઈ પનારા તથા ભરતભાઈ દલાભાઈ ચારોલીયા સહિત પાંચ પતા પ્રેમીઓએ રોકડ રૂા. ૧૦,૨૬૦/–ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં લાઠી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં મગફળીમાં ખેડૂતોને ભાવાંતર યોજનાનો લાભ આપો

### ટેકાનાં ભાવે ૭૦ મણની ખરીદીની મર્યાદા ૨૦૦ મણ કરો



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સરકાર વતી કામ કરતી સંસ્થા અ.પે.ડા. એ સિંગદાણાની નિકાસ માટે કડક નિયમો ઠોકી બેસાડતા સિંગદાણાની નિકાસ સાવ બંધ થઈ જાય તેવી સંભાવના છે. અને મગફળીનાં ખેડૂતો માથે પડયા પર પાટું જેવી સ્થિતિ સરકારની સંસ્થા અ.પે.ડા દ્વારા કરવામાં આવેલ હોય તેવું લાગી રહ્યું છે. અ.પે.ડા. દ્વારા સિંગદાણાના નિકાસ માટેના કડક વલણ અને નિર્ણય લેવામાં આવેલ છે. ત્યારે હાલ ગહુજરાતમાં મગફળીનું ઉત્પાદન અંદાજે ૬૬ લાખ ટન જેટલું થયું છે, જયારે સરકાર દ્વારા ખરીદી માટે ફાળવવામાં આવેલું કવોટા માત્ર ૧૨.૬૦ લાખ ટનનું છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલ ટેકાનો ભાવ રૂ. ૧૪૫૩ પ્રતિમણ છે, જયારે ખુલ્લા બજારમાં ખેડૂતોને માત્ર રૂ. ૧૧૦૦ પ્રતિમણનો દર મળી રહ્યો છે. એટલું જ નહીં, ટેકાના ભાવે પણ ખેડૂતો દીઠ માત્ર ૭૦ મણ સુધીની જ ખરીદી કરવામાં આવે છે.

મધ્યપ્રદેશના ખેડૂતોને સિંગદાણા માટે ભાવાંતર યોજના હેઠળ રાહત મળી રહી છે, તો ગુજરાતના ખેડૂતોને આ પ્રકારની સહાયતા કેમ આપવામાં આવતી નથી? જો મર્યાદા મૂકી જ હોય તો ઓછામાં ઓછું ૨૦૦ મણ મગફળી સુધી ખરીદી અથવા ભાવાંતર યોજનાનો લાભ આપવામાં આવે.

અ.પે.ડા. જેવી સંસ્થા ખેડૂતોની પેદાશના એક્સપોર્ટને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવી છે. છતાં મગફળીના પાક બજારમાં આવતા સમયે જ એક્સપોર્ટ બંધ કરવાની મનઘડંત વાતો ઊભી થાય છે. તાજેતરમાં લેવાયેલા એવા નિર્ણયો કારણે માત્ર ૪૮ કલાકમાં જ મગફળીનું એક્સપોર્ટ અટકી જવાની ભીતિ ઊભી થઈ છે, જેના કારણે ગુજરાતના ખેડૂતોને સીધો અને ભારે આર્થિક ફટકો પડી શકે તેમ છે જેથી સરકાર તાત્કાલિક મગફળીની ખરીદી માટે મર્યાદા વધારી ખેડૂતોને રાહત આપે. મધ્યપ્રદેશની જેમ ગુજરાતના ખેડૂતોને પણ ભાવાંતર યોજનાનો લાભ આપવામાં આવે. અ.પે.ડા. દ્વારા કરવામાં આવેલા મગફળીના એક્સપોર્ટ ઉપરના અસ્થિર અને અયોગ્ય નિર્ણયોને તરત પાછા ખેંચવામાં આવે, જેથી ખેડૂતોને યોગ્ય બજાર મળે. ગુજરાતના ખેડૂતો આજ પરિસ્થિતિમાં ભારે નુકસાનની વેલમાં છે ત્યારે આપ તાત્કાલિક હસ્તક્ષેપ કરી ખેડૂતોને યોગ્ય ન્યાય આપશો તેવી અમારી આશા સાથે વિનંતી છે.

### જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીની માંગ

# મગફળીને ટેકાના ભાવે ખરીદવાનો જથ્થો ૭૦ મણથી વધારી ૨૦૦ મણ કરવા રજુઆત

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને કરી રજુઆત



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મગફળીની ખરીદી અંગેના ખેડૂતોના રજીસ્ટ્રેશન થઈ ચુકયા છે અને આ વર્ષે મગફળીનું મબલખ ઉત્પાદન થયેલ છે. ગત વર્ષની માફક આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા ખેડૂત ખાતેદાર પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવશે, જાણવા મળેલ મુજબ આ વર્ષે ખાતેદાર દીઠ ૭૦ મણ જેટલી મગફળીની ખરીદી કરાશે જે ઉત્પાદન પ્રમાણે ખુબ ઓછી ખરીદી ગણાય ૭૦ મણની સામે ખેડૂત ખાતેદાર પાસેથી ૨૦૦ મણ જેટલી મગફળીની ખરીદી કરવી જરૂરી છે. વધુમાં મગફળીનું ઉત્પાદન વધુ હોવાના કારણે ખેડૂતોના મહામુલા પાક મગફળીના જાહેર માર્કેટમાં વેચાણના યોગ્ય ભાવ મળશે નહિ, માટે દરેક ખેડૂત ખાતેદાર પાસેથી ૨૦૦ મણ મગફળી ખરીદ કરવામાં આવે તો ખેડૂતોને પોતાની મહેનતનું યોગ્ય વળતર મળશે.

આ બાબતે સત્વરે નિર્ણય લઈને ટેકાના ભાવે મગફળી ૨૦૦ મણ જેટલી ખરીદ કરવામાં આવે તેવી અંતમાં માંગ કરેલ છે.

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## ભરૂચ બાજુથી આવેલ ૪ થી ૫ કિન્નરોએ ૨ હજારની માંગણી કરી

# સાવરકુંડલામાં કિન્નરોએ વેપારીઓને પરેશાન કરી દીધા

**૪ દિવસ પહેલા એક વેપારી સાથે અસભ્ય વર્તન કરી પોતાના કપડા અસ્તવ્યસ્ત કરી ધમાલ બોલાવી**

**અર્ધી કલાક સુધી દુકાનમાં વેપારી સાથે અસભ્ય વર્તન કરી પરેશાન કરતાં મામલો ગરમાયો**

**વેપારીની ધીરજ શકિત ખૂટી જતાં અંતે કિન્નરોને ઢીબી નાખતા દોડાદોડી મચી**

**સમગ્ર માથાકૂટ અને દોડધામનાં દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા**



અમરેલી, તા. ૨૭

સાવરકુંડલામાં ૪ દિવસ પહેલા ભરૂચથી આવેલ ૪થી ૫ કિન્નરોએ એક વેપારીની દુકાનમાં ઘુસીને ૨ હજારની માંગણી કરતાં વેપારીએ મોટી રકમ આપવાની ના પાડતાં કિન્નરોએ પોતાના કપડા અસ્તવ્યસ્ત કરીને વેપારીની દુકાન માથે લેતા આજુબાજુનાં વેપારીઓ એકત્ર થયા અને વેપારીની ધીરજશકિત ખૂટી જતાં કિન્નરોને ઢીબી નાખ્યાનાં દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા.

વિગત એવા પ્રકારની છે કે, સાવરકુંડલાનાં નાના બસ સ્ટેન્ડ નજીક આવેલ એક દુકાનમાં ૪ થી ૫ કિન્નરો ૪ દિવસ પહેલા આવી પહોંચ્યા હતા અને રૂપિયા ૨ હજારની માંગ કરતાં વેપારીએ નનૈયો ભણતાં કિન્નરોએ ભારે ધમાલ અને બેહુદુ વર્તન કરતાં લગભગ ૩૦ મિનિટ સુધી હંગામો મચાવતાં અંતે આજુબાજુનાં વેપારીઓ ભેગા થયા અને દુકાનધારકની ધીરજ શકિત ખૂટતા અંતે આગળ કિન્નરો અને પાછળ વેપારી અને બાદમાં કિન્નરોને ઢીબી નાખતા કિન્નરો મહામુસીબતે નાસી છુટવામાં સફળ રહ્યા હતા.

એક તરફ વેપારીઓ મંદીનો સામનો કરી રહ્યા છે અને બીજી તરફ ભીખ માંગવા આવનારની સંખ્યા વધી રહી હોય પોલીસ વિભાગે આ બાબતે વેપારીઓને સુરક્ષિત કરવા જરૂરી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

અમરેલીમાં ઈલેકટ્રોનિકસ ઉપકરણ માટે વિશ્વસનીય સ્થળ
એલઈડી ટીવી,ફ્રીજ, વોશીંગ મશીન, એસી, ઘરઘંટી વિગેરે તદ્દન વ્યાજબી ભાવથી ખરીદવા માટે અને લાઈવ ડેમો જોવા માટે આજે જ પધારો...
LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH vivo MITSUBISHI MILCENT ANANDI ATTA CHAKKI oppo
શિવ ઈલેકટ્રોનિકસ
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી ૯૮૯૮૩ ૨૩૩૫૨

૨૦૨૫-૨૬ નું અત્યાધુનિક અલ્ટ્રા મોર્ડન
ફર્નિચરની વિશાળ રેન્જ
લગ્ન પ્રસંગના ફર્નિચરની ખરીદી કરવાનું ઉતમ સ્થળ
મિરા ફર્નિચર
● સોફા ● બેડ ● કબાટ ● ડાઈનીંગ ટેબલ ● ટીપોઈ
વિગેરે ફર્નિચરની વિશાળ રેન્જ હાજરમાં મળશે
વિપુલ સોંડાગર ૯૯૨૪૫ ૫૯૨૫૮
ચકકરગઢ રોડ, હિરામોતી ચોક, પટેલવાડી સામે, અમરેલી

Hero
નવરાત્રી પર ઘરે લાવો હીરોની બાઈક
આજે જ બુક કરો અને સુનિશ્ચિત નવરાત્રી ડિલિવરી મેળવો
₹15000* સુધીના GST લાભ
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
● હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
● જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
● રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
● ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
● નાસુર Pilo nidal sinus ની સારવાર
● ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
● પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
● મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઈટલ ક્લિયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

HONDA
આ તહેવારો મનાવો
પરીખ હોન્ડા સાથે
ડાઉન પેમેન્ટ ₹ 7999/- થી શરૂ
ઓછો વ્યાજદર 7.99%
હાજર ડિલિવરી
તાત્કાલિક લોન
BAJAJ FINSERV
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

**પ્રકરણ.. ૨૫૩– ૧૯૬૪**

**પ્રિય વાચક મિત્રો ,**

દશેરાના પવિત્ર તહેરવારની આપ સર્વને હાર્દિક શુભકામનાઓ. દશેરા એ અસત્ય પર સત્યનો વિજય છે, રાવણએ માત્ર પ્રતિક છે, દરેક મનુષ્ય પોતાના અંદર રહેલ, અહંકાર, વાસના અને ક્રોધને દૂર કરે એટલે તેના આત્મા દ્વારા સત્યનો વિજય થશેજ, આજથી આપણે હિન્દી સિનેમામાં ૧૯૬૫ના વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ, ૧૯૬૪ ની પ્રથમ નંબરની ફિલ્મ સંગમની વાત થોડી અધૂરી છે , તે પહેલા પૂર્ણ કરીશું , અને ૧૯૬૪ ના ફિલ્મફેર એવાર્ડ જે ૧૯૬૫ માં અપાયા તેની વાત કરીશું અને ૧૯૬૫ માં નવા આવેલ કલાકારોનો ટૂંકમાં પરિચય કરીશું .

સંગમ એ રાજ કપૂર સાહેબની ૩ કલાક અને ૫૦ મિનિટ લાંબી ફિલ્મ રહી , સાથે મોગલે આઝમ પછીની ૧૯૬૪ સુધીની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ . સંગમ એ રાજ કપૂરની તેના હોમ પ્રોડકશનમાં બનેલ ફિલ્મ હતી , અને નાયક એટલે કે હીરો રૂપેની સફળ અંતિમ ફિલ્મ રહી . ત્યારબાદ રાજ કપૂર આગામી સમયમાં તેમના હોમ પ્રોડકશનમાં મેરા નામ જોકર ફિલ્મ સાથે નાયકના રૂપે આવશે , પણ તે ફિલ્મ સફળ ના રહી, રાજ કપૂર ને આ મોટા બજેટની ફિલ્મ સફળ ના



રેહતા ઘણી તકલીફો સહન કરવી પડી, જેની વાત તે સમયે કરીશું. મેરા નામ જોકર ને એક કલાસિકલ ફિલ્મનું બિરૂદ મળ્યું , જે આજેપણ તેના માટે જ યાદ કરાય છે . રાજ કપૂરની ફિલ્મોમાં આજ સુધી અભિનેત્રીઓના અંગ પ્રદર્શન થતું બતાવવામાં આવ્યું ના હતું , પણ સંગમ ફિલ્મ દ્વારા રાજ કપૂર પણ સંપૂર્ણ મનોરંજન ફિલ્મો તરફ ચાલ્યા હતા, તેમની ફિલ્મોમાં કોઈ નર કોઈ સંદેશ તેમણર હમેશા આપ્યો છે , હિન્દી સિનેમામાં અંગ પ્રદર્શન એ નવું નથી , દેવિકા રાની , નિરૂપા રોય , નાદિરા , અને નરગિસ જેવી અભિનેત્રીઓ એ અગાઉ અંગ પ્રદર્શન ફિલ્મોમાં આપેલ છે, પણ તે ફિલ્મની કથા ને અનુરૂપ રેહતું હતું, અને મર્યાદામાં રેહતું હતું . ૧૯૬૦ ના દસકમાં હિન્દી સિનેમા માત્ર ને માત્ર એક મનોરંજનનું સાધન બની ગયું અને હિન્દી સિનેમામાં અભિનેત્રીઓનું અંગ પ્રદર્શન એ અનિવાર્ય પાસું બનતું નજર આવે છે , જેમ કે રાજ કુમારમાં સાધનાના સ્નાન્ન દ્રશ્યો રજૂ કરાયા હતા તો ,તે જ રીતર સંગમમાં વૈજયંતી માલા ને સ્નાન દ્રશ્યમાં રાજ સાહેબ હિન્દી પરદે રજૂ કર્યા હતા .

આ ફિલ્મના ગીત સંગીત ખૂબ સફળ રહ્યા હતા, જેમાં પણ એક કહાની છુપાયેલી છે , જેમ કે બોલ રાધા બોલ ગીતની રચના આ રીતે થઈ. જયારે રાજ સાહેબે વૈજયંતી માલાને રાધાનું પાત્ર માટે ઓફર કરી , પણ તેમનો જવાબ આવતો ના હતો , તો રાજ સાહેબે તેને એક તાર મોકલ્યો અને લખ્યું કે બોલ રાધા બોલ સંગમ હોગા કર નહીં ..અનર વૈજયંતી માલા એ વળતાં જવાબમાં તાર કર્યો કે ..હોગા ..હોગા .હોગા ..અને આ ગીત બન્યું , તે જ રીતે તે સમયે શંકર જયકિશન, હસરત અને શૈલેન્દ્રની એકતા રેહતી હતી , અને તેમાં કોઈ બાબતે જયકિશન અનર હસરત જઈ પૂરી વચ્ચે મનદુખ થયું, અને અંતે હશરતે જયકિશન ને એક પત્ર લખ્યો, યે મેરા પ્રેમ પત્ર..પઢકર ..અને બન્નર વચ્ચે ગેર સમજ દૂર થઈ , પણ સંગમ ફિલ્મ ને એક ગીત મળી ગયું , એ રીતે એક ઈંગ્લિશ ગીત, માં વિશ્વ ની ઘણી ભાષા ઓમાં આઈ લવ યુ રજૂ કરાયું છે . કલાકારો વચ્ચે ગેર સમજ થતી જ હોય છે , જેમ કે સંગમના લેખક ઈન્દ્ર રાજ આનંદ એ રાજ કપૂર ને એક તમાચો મારી દીધો , રાજ એ હિન્દી સિનેમામાં શક્તિ શાલી કલાકાર હતા, અને ઈન્દ્ર રાજ ને કામ મળતું બંધ થયું , તે ટેન્શનમાં તેમને એટેક આવી ગયો , રાજ સાહેબને ખબર પડતાં તે હોસ્પિટલ ગયા, અને ઈન્દ્ર રાજની માફી માંગી ,અને બન્નર ફરી મિત્રો થયા , અને ઈન્દ્ર રાજ ને ફરી સફળતા મળી .

રાજ સાહેબ ને સફેદ વસ્ત્રો પહેરેલ સ્ત્રીઓ વધુ પસંદ હતી , અને સંગમમાં રાધા ને ગંગા જેવી પવિત્ર રીતે રજૂ કરવાની હતી , તો વૈજયંતી માલા એ સંગમમાં સફેદ વસ્ત્રો વધુ પહેર્યા છે । આવી સંગમ ફિલ્મની અંતર્ગત વાતો હતી . વર્ષ ૧૯૬૪ના ફિલ્મ ફેર એવાર્ડ ૧૯૬૫ માં મુંબઈમાં અપાયા. જે નીચે મુજબ છે .

બેસ્ટ ફિલ્મ –દોસ્તી ...


ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬


તારા ચંદ બડજત્યા , બેસ્ટ નિર્દેશક –રાજ કપૂર ..ફિલ્મ સંગમ .. નોમિનરશન સત્યેન બોજ ..ફિલ્મ દોસ્તી . બેસ્ટ એકટર –દિલિપ કુમાર .ફિલ્મ લીડર ..નોમી ..રાજ કપૂર ..ફિલ્મ સંગમ..રાજેન્દ્ર કુમાર ..ફિલ્મ આઈ મિલન કી બેલા..બેસ્ટ એકટ્રસ –વૈજયંતી માલા ..ફિલ્મ સંગમ ..નોમિનેશન માલા સિંહા ..ફિલ્મ ઝાહા આરા, સાધના.ફિલ્મ વો કૌન થી..બેસ્ટ સપોર્ટિંગ એકટર –નાના પલસીકર ફિલ્મ શહેર ઔર સવેરા , બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રસ – નિરૂપા રોય , ફિલ્મ –શહેનાઈ , બેસ્ટ સંગીત કાર – લક્ષ્મીકાન્ત પ્યારેલાલ ..ફિલ્મ દોસ્તી –બેસ્ટ લિરિકસ –મજરૂહ સુલ્તાન પૂરી .ફિલ્મ દોસ્તી , બેસ્ટ પ્લે બેક –મેલ –રફી સાહેબ..ગીત ચાહુંગા મે તુજે સાંજ .. ફિલ્મ દોસ્તી,. બેસ્ટ પ્લે બેક ફિમેલ–લતા મંગેસકર–ફિલ્મ સંત જ્ઞાનેશ્વર–ગીત .જયોત સે જયોત જલાતે ચલો .., બેસ્ટ સ્ટોરી – બાન ભટ્ટ – ફિલ્મ દોસ્તી, બેસ્ટ સંવાદ – ગોવિંદ મુનસી–ફિલ્મ દોસ્તી, બેસ્ટ આર્ટ – બ્લેક એન્ડ વ્હાઈટ માટે જી એલ યાદવ ..ફિલ્મ કોહરા ..રંગીન ફિલ્મ માટે સંત સિંગ ..ફિલ્મ ઝાહા આરા .., બેસ્ટ સિનેમા ઓટો ગ્રાફી – કે એચ કાપડિયા .. વો કૌન થી , બ્લેક એન્ડ વ્હાઈટ માટે અને રંગીન વાર્ષિડે .ફિલ્મ ગીત ગાયા પથ્થરો ને ..બેસ્ટ એડિટિંગ–રાજ કપૂર .ફિલ્મ સંગમ , બેસ્ટ સાઉન્ડ – અલ્લાદિન ફિલ્મ સંગમ ...આમ દોસ્તી ૬ , સંગમ ૪ , વો કૌનથી ૧ ને એવાર્ડ મળ્યા હતા .

હવે વાત કરીશું , ૧૯૬૫ ની ફિલ્મોની . ૧૯૬૫ માં રંગીન ફિલ્મો વધુ આવી, અને ગીત સંગીત સાથે રોમાન્સ , ક્રાઈમ , સસ્પેન્સ , હોરર ફિલ્મો આવી, જેની વાત કરતાં રહશું. ૧૯૬૫ માં સચિન બાળ કલાકાર રૂપે આવ્યા, તો રઝા મુરાદ , પણ તરૂણ ભૂમિકામાં દેખાયા, અને એ કે હંગલ જે એક સ્વત્રણ સેનાની હતા તેઓ એક નાની ભૂમિકામાં




દેખાયા . ૧૯૬૫ માં અભિનેત્રી સોનિયા સાહની એ હિન્દી સિનેમામાં પ્રવેશ લીધો .

સોનિયા સાહની – સોનિયા સાહનીનો જન્મ ૩૧/૮/૪૬ ના રોજ થયો , ૧૯૬૫ માં આઈ એસ જોહર એક ફિલ્મ મેહમુદ સાથે બનાવી રહ્યા હતા , ત્યારે તેમણે સોનિયા સાહની ને પ્રથમ વાર હિન્દી સિનેમામાં કામ આપ્યું , દેખાવમાં સુંદર સોનિયા, આઈ એસ જોહર સાથે વધુ જોડાયેલી રહી, જોહર મેહમુદ ઈન ગોવા ફિલ્મ સફળ રહી, અને ત્યારબાદ જોહર મેહમુદની સિરીજ શરૂ થઈ, જેમાં મોટા ભાગની ફિલ્મોમાં સોનિયા મુખ્ય નાયિકા રૂપે આવ્યા, પણ હિન્દી સિનેમામાં તેઓ નાયિકા રૂપે વધુ સફળ રહ્યા નહીં , અને ચરિત્ર ભૂમિકા ઓમાં વધુ દેખાયા , કિશોર કુમાર , ધમર્ન્દ્ર , મેહમુદ, સંજીવ કુમાર, સહિત ઘણા નાયકો સાથે તેમણે ભૂમિકાઓ નિભાવી હતી , તેઓ ૧૯૬૫ થી ૧૯૯૯ સુધી સક્રિય રહ્યા, ૨૦૧૩ માં પણ તેમની એક નાની ભૂમિકામાં ફિલ્મ લવ ઈન બોમ્બે આવી હતી , તેઓ ટેલીવિઝન સાથે પણ સંકળ ાયેલા રહ્યા , તેઓ હાલ તેમના પરિવાર સાથે સક્રિય જીવન પસાર કરી રહ્યા છે.

હવે વાત કરીયે આજની ફિલ્મની . આજે મહાભારતની કથા પરથી ૧૯૬૫ ની સફળ ફિલ્મ મહાભારતની વાત કરીશું . આ ફિલ્મ ગુજરાતના જાણીતા નિર્માતા અને નિર્દેશક બાબુભાઈ મિસ્ત્રી એ બનાવી હતી , આજે હિન્દી સિનેમામાં એ આઈ દ્વારા પણ આધુનિક ટેકિનકથી ઈફેક્ટ અપાય છે , પણ બાબુભાઈ મિસ્ત્રી એ હિન્દી સિનેમામાં સૌ પ્રથમ ૧૯૩૦ ના દસકમાં ફિલ્મોમાં ઈફેકટ આપી હતી , ફિયાર લેસ નાદિયા સાથે તેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યુ હતું , ૧૯૩૭ ની ખવાબ કી દુનિયા માં તેમણે સ્પેશિયલ ઈફેકટ આપી હતી , જે તે સમયે ખુબજ કઠિન કાર્ય હતું , આ વાત અગાઉ થઈ ગઈ છે , પણ તે પછી જે વાચકો જોડાયા છે , તેમની જાણકારી માટે છે . તે સમયે જાદુઈ અને ધાર્મિક ફિલ્મોમાં ખાસ ઈફેકટની જરૂર પડતી હતી , ૧૯૫૬ ની હાતીમતાઈ ફિલ્મ જે રંગીન ઓરવો કલરમાં હાતી , તે બાબુભાઈની સ્પેશિયલ ઈફેકટના કારણે સફળ રહી હતી , બાબુભાઈ સ્વતંત્ર નિર્દેશક રૂપે ૧૯૪૨ થી ૧૯૮૦ સુધી સક્રિય રહ્યા હતા , જે ગુજરાતનું ગૌરવ છે. એ એ નડિયાદ વાલાના નિર્માણ અને બાબુભાઈ મિસ્ત્રીના નિર્દેશનમાં , વેદ વ્યાસના મહાભારત કાવ્ય ને ધ્યાનમાં લઈ આ ફિલ્મની કહાની પંડિત મધુર અને વિશ્વનાથ પાંડે એ લખી હતી, સંવાદ પણ તેમના જ હતા, ફિલ્મનું એડિટિંગ કમલા કરનું હતું , ફિલ્મનું સંગીત ચિત્ર ગુપ્તર આપ્યું હતું , જેનું રફી સાહેબના સ્વરનું ગીત .. મહાભારત ....તે સમયર લોકપ્રિય રહ્યું હતું , ફિલ્મમાં જેમીની ગણેશન, પ્રદીપ કુમાર, પદ્મિની, દારા સિંગ, અભિ ભટ્ટાચાર્ય , તિવારી , રાજ પ્રકાશ , મનહર દેસાઈ, ગુજરાતી ફિલ્મના જાણીતા કલાકાર અરવિંદ પંડયા , મારૂતિ , અચલા સચદેવ , મુમતાઝ બેગમ, જોગિંદર, સહિત કલાકારો એ કામ કર્યુ હતું , ફિલ્મ બાબુભાઈ મિસ્ત્રીના નિર્દેશન અને ઈફેકટ દ્વારા સફળ રહી હતી. ફિલ્મ રંગીન હતી . આગામી અંકમાં દારાસિંગની સેમી હિટ ફિલ્મ અને પૃથ્વી રાજ કપૂરની ફિલ્મો સાથે મળીશું . આભાર .

# * નવરાત્રિ અને આરોગ્ય *

*પ્રયોજનાચસ્ય સ્વસ્થસ્યસ્વાસ્થયા, આતુરસ્યવિકાર પ્રશમનચ ॥

અર્થાત સ્વસ્થ વ્યક્તી ના સ્વાસ્થ્ય નું રક્ષણ કરવું અને રોગીઓના રોગ ને દુર કરવા તે જ અમારૂં (આયુર્વેદનું )પ્રયોજન છે.

આ પ્રયોજનના ભાગરૂપે સ્વસ્થ વ્યક્તીનું સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે આયુર્વેદમાં દીનચર્યા અને ઋતુચર્યાનું ખુબ મહત્વ સમજાવેલ છે, જેના ભાગરૂપે આજે આપણે ઋતુચર્યા અંતર્ગત શરદ ઋતુની ચર્ચા કરીશું.

શરદ ઋતુનો પ્રારંભ થઇ ગયો છે, આમ તો શરદ ઋતુએ તહેવારની ઋતુ છે પરંતુ આ ઋતુમાં પિતનો પ્રકોપ થતો હોવાથી સ્વાસ્થ્ય બાબતે વિશેષ સાવધાની જરૂરી છે ,૧૬–સપ્ટેમ્બર થી ૧૫–નવેમ્બર (ભાદરવો અને આસો) આ બે મહીના શરદ ઋતુ ના છે.

વર્ષા ઋતુમાં શરીર વરસાદ અને ટાઢથી ટેવાઈ ગયુ હોય છે, જયારે આ ઋતુમાં ઠંડી શરૂ થઇ હોતી નથી પરંતુ ઠંડો પવન રાત્રે અને વહેલી સવારે વહેતો હોય છે અને ગરમી હજુ ઉનાળા જેવી જ હોય છે, તેથી શરદ ઋતુમા સુર્ય ના તાપથી શરીર એકદમ તપવા લાગે છે અને વર્ષાકાળ મા શરીરમાં એકઠું થયેલુ માણસોનું પીત આ ઋતુમાં કોપે છે, અને આ બેવડી ઋતુ બીમારીનું કારણ બને છે.

શરદ ઋતુમાં પીતનો પ્રકોપ થવાથી આપણું લોહી પણ પહેલાની સરખામણીમાં ગંદુ થઇ જાય છે આથી આ ઋતુમાં તાવ, ઉલટી તથા ચામડીના રોગો થવાની વધુ સંભાવના હોય છે. આ ઉપરાંત ખાડા – ખાબોચીયામાં એકઠુ થયેલા પાણીને લીધે મચ્છર જન્ય રોગચાળો જેવા કે મેલેરીયા, ડેગ્યુ, ચીકનગુનીયા થવાની વિશેષ સંભાવના રહે છે.

શરદ ઋતુએ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલ પિતની શાંતી માટે જ આપણે શરદ પુનમની શીતળ ચાંદનીમાં દુધ–પૌવા ખાઇએ છીએ, આ દુધ – પૌવા અને ખીર જેવા પરમ પિત શામક આહાર દ્રવ્યો છે. શ્રાધ્ધ



પક્ષ થી લઇને દેવ–દીવાળી સુધી ખાવા જોઇએ. દુધ, ભાત અને સાકર આ ત્રણે માંથી જ દુપ્ર–પૌવા અને ખીર બને છે આમ આ પિત પ્રકોપક શરદ ઋતુમાં દુધ–પૌવા અને ખીર ખાવી એ એક ઉતમ સ્વાસ્થ રીવાજ છે.

આ શરદ ઋતુ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલા પિતના નિહરણ માટે વિરેચન કર્મ એ




ઉતમ શોધન ક્રીયા છે એટલે આ ઋતુમાં દર અઠવાડીયે એકાદ વખત સ્વાદીષ્ટ વિરેચન ચુર્ણ જેવા ઔષધોથી હળવો જુલાબ લેવો જોઇએ જેથી પ્રકુપીત થયેલા પિતનું નિષ્કાસન થાય , આમ પિતની શાંતી થવાથી પૈતીક વ્યાધીઓની ઉત્પતી થશે નહી અને શરદ ઋતુમાં જો પિતનું શમન થશે તો આખુ વર્ષ તંદુરસ્તી જળવાઈ રહેશે અને એટલે જ આપણી સંસ્કુતિમાં શતમ જીવ શરદના આશીર્વાદ આપવામાં આવે છે.

સુખાર્થા : સર્વભુતાનાં મતા : સર્વા : પ્રવુતય :

સુખં ચ ન વિના ધર્માત્સ્માદ્ધમેપરોભવેત॥

અર્થાત સર્વ પ્રાણીઓને બધાં કામ સુખ ખાતર કરવા ગમે છે અને સુખ ધર્મ વિના મળતું નથી.

આગામી ગુરૂવારથી નવરાત્રીનો પ્રારંભ થઇ રહ્યો છે, આગળ આપણે શરદ ઋતુ વિષે ચર્ચા કરી શરદ ઋતુ એ પિત પ્રકોપની ઋતુ છે અને આ ઋતુમાં દીવસે સુર્યના તાપથી દુર રહી રાત્રે ચન્દ્રની ચાંદનીમાં ભ્રમણ કરવું જોઇએ.

<u>નવરાત્રીના દીવસોમાં ઉપવાસ અને અનુષ્ઠાન (ધ્યાન)નું મહત્વ:–</u>

શરદ ઋતુ ચોમાસા પછી આવે છે, તેથી ઉનાળાની ગરમી, ચોમાસાના આખરી દિવસોમાં રાત્રે અને દિવસે રહેતો હવામાન તફાવત લોકોને સહજતાથી માંદા પાડી દે છે આયુર્વેદ અને આધુનીક તબીબ જગત આવું સ્પષ્ટ માને છે કે આ સમયગાળ ામાં લોકોની રોગપ્રતીકારકશક્તી નબળ ી પડે છે, આથી જ ખોરાક અને રહેણી કરણી (આહાર–વિહાર) બાબતે



સાવધાન રહેવા માટે શારદીય નવરાત્રીના દીવસોમાં ઉપવાસ – મેન વ્રત વગેરે પાળીને આધ્યાત્મીક રીતે આધ્યશક્તિની ભક્તિ કરીને લૌકિક રીતે શક્તિ (એનર્જી) અને સુખ – સમૃધ્ધિ મેળવવાનો મહત્વપુર્ણ પ્રયાસ છે.

'ઉપવાસ' શબ્દ બે શબ્દોનાં જોડાણ થી બનેલો શબ્દ છે 'ઉપ' એટલે નજીક અને 'વાસ' એટલે રહેવુ, ઉપવાસ કરવાનો હેતુ ઈશ્વરીય તત્વની નજીક રહેવા માટેનો છે, વિવિધ જણાતા દરેક ધર્મો આહાર વગેરેના સંયમથી બાહ્ય જીવનમાં ખર્ચાતી ઉર્જાને ધ્યાનને આંતરીક જીવન તરફ વાળવા પ્રેરણા આપે છે.

આયુર્વેદના મતાનુસાર ઉપવાસ કરવાથી જઠરાંગ્નીપ્રદીપ્તથાય છે, અને આપણા શરીરના વિષાક્ત પદાર્થોનો નાશ થાય છે અને તેનાથી શરીરમાં સ્ફુર્તીનો સંચાર થાય છે, માંસપેશીઓમાં નવચેતન લાગે છે અને શરીરની શુધ્ધી થાય છે, શરીર શુધ્ધ થવાથી મન પણ શાંત અને સ્થીર થાય છે, આવા શાંત અને સ્થીર થયેલા મનથી જો અનુષ્ઠાન(ધ્યાન) કરવામાં આવે તો મનના દોષો (તમસ અને રજસ)શાંત થાય છે અને સાત્વીકતા વધે છે અને તેનું ઉર્જા અને પ્રસન્નાતા મારૂ પાંતર થાય છે નવરાત્રી દરમ્યાન વાતાવરણ મા ખુબજ ઉર્જા હોય છે, આપણા શરીર ને શારીરીક અને માનસીક રીતે શુધ્ધ કરવા માટે નવરાત્રી ઉતમ સમય છે.

આમ નવરાત્રીના દિવસોમાં ઉપવાસ અને ધ્યાન કરવાથી આપણું શરીર શુધ્ધ થાય છે, મન શાંત અને સ્થીર થાય છે, આપણી રોગપ્રતીકારક શક્તી વધે છે, આપણને નવી ઉર્જા પ્રાપ્ત થાય છે.

**<u>નવરાત્રીમાં રાત્રે ગરબા રમવા એ સ્વાસ્થ્ય હેતુ અને આપણા વિચક્ષણ પુર્વજોની સમાજ વ્યવસ્થાની દીર્ઘ દ્રષ્ટી :–</u>**

આપણે આગાઉ ચર્ચા કરી તેમ શરદ ઋતુમા પિતના પ્રકોપને શાંત કરવા રાત્રી ભ્રમણ કરવું જોઇએ.

આપણા પ્રાચીન શારદીય રાસોત્સવમાં ગામના ખુલ્લા મેદાન કે મંદીરના પ્રાંગણ મા કુંવારી બાળાઓ દ્વારા લયબધ રીતે સંગીતના તાલ સાથે માતાજીના ગરબા ગાતા – ગાતા રાસ રમવામાં આવતા, તેની પાછળ સ્વાસ્થ્યનો સંબંધ અને સમાજની વ્યવસ્થાનો હેતુ છુપાયેલો હતો,

કુંવારી બાળાઓ એટલે ૧૨ વર્ષ થી ૧૬ વર્ષ ની દીકરી , જેનુ માસીકચક્ર શરૂ થવાની ઉમર હોય જેના માટે આધુનીક વિજ્ઞાનમાં મેનાર્કી શબ્દ કહેવામાં આવે છે, આ ઉમરની બાળા માં શારીરીક સાથે માનસીક ફેરેફાર પણ શરૂ થઇ જાય છે અને ખાસ ફેરફારએ વિજાતીય આકર્ષણ હોય છે સાથે ભય, મુંજવણ જેવા સ્ત્રી શક્તીને રોકતા ભાવો પણ ઉત્પન્ન થાય છે . પ્રકુતી ના નિયમ અનુસાર આ વિજાતીય આકર્ષણ થવુએ પણ જરૂરી છે તો જ તે પુર્ણ સ્ત્રી બની શકે.

આ વિજાતીય આકર્ષણ માં કોઇ વિકુતી આ બાળા ના મન માન આવે તે માટે તેના પિતનું શમન જરૂરી છે અને શરદ ઋતુમાં પિતના શમન માટે રાત્રી ભ્રમણ જરૂરી બતાવ્યું છે. આ વાતના સામાજીક અને આરોગ્ય હેતુને સીધ્ધ કરવા આપણા વિચક્ષણ પુર્વજોએ શરદની રાત્રી મા નવ દીવસ સુધી ભક્તી – આરાધના સાથે લયબધ્ધ રીતે સંગીતના તાલ સાથે મંદીરના પ્રાંગણ માં રાસોત્સવ નું આયોજન વિચાર્યુ.

આ રાસોત્સવ પણ કેવી રીતે કે જેમાં પિતશમન માટે જરૂરી તમામ બાબતો જેવી કે બાળાઓ માંથામા ડોલર, જુઇ કે મોગરા ની વેણી નાંખી, સફેદ મોતીઓ કે સ્ફટીકની માળા પહેરી સફેદ વસ્ત્ર ધારણ કરી શરીર ઉપર ચંદન જેવા લેપ ધારણ કરીને એકતાલે રાસ રમે અને ખીર, દુધપેવા કે પકવાન જેવા પિતશામક પ્રસાદ આપવામા આવે. અને આ રાસ પણ લયબધ્ધ રીતે સંગીતના તાલ સાથે માતાજીના ગીત ગાતા – ગાતા મનમાં આધ્યાત્મીક ભાવ સાથે રાસ રમવાથી શરીરમાથી પરસેવા વાટે વિકુતી દુર થાય અને ચન્દ્રના પ્રભાવથી મગજમાં સેરોટીનીન જેવા મુડએલીવેટર હોરમોન્સ નુ સિક્રીએશન પુરતા પ્રમાણમા થાય છે અને મન પ્રસન્નાતા અનુભવે છે, અને તેનામાથી સ્ત્રી શક્તીના વિકાસને રોક્તા ભય – મુંજવણ દુર થાય છે, અને એટલે જ આપણે ત્યા વારે – તહેવારે માતાજી તેડવાનો રિવાજ છે જેમા આ ઉમરની બાળાઓ ની ગોયણી કરવામાં આવે તેનું માતાજીની જેમ પુજન કરવામાં આવે અને ખીર પ્રસાદમાં જમાડવામાં આવે.

આમ આપણા દરેક ધાર્મીક તહેવાર પાછળ આરોગ્ય અને સમાજ વ્યવસ્થાનો હેતુ છુપાયેલો હોય છે, આપણા વિચક્ષણ પુર્વજો જાણતા હતા કે આરોગ્ય અને સમાજ વ્યવસ્થા ને બરાબર જાળવવી હશે તો તેને ધર્મ સાથે જોડવી જ પડશે તો જ સામાન્ય માણસ તેનો અમલ કરશે

**મર્મ બીંદુ :–** ધર્મમા જયારે શ્રધ્ધાની જગ્યાએ અંધશ્રદ્ધા ભળે ત્યારે સમાજ વ્યવસ્થા વિખાય છે .અસ્તુ...

# *વ્યાજના વિષચક્રમાં હજુ કેટલી જિંદગી હોમાતી રહેશે ?*

આજના સમયમાં માણસ જેટલો મહેનત કરે છે, તેટલો જ કદાચ તે વ્યાજના બોજ હેઠળ દબાતો જાય છે. વ્યાજ એ એવો વિષચક્ર છે કે જેમાં એક વાર પગ મૂકતા જ બહાર નીકળવું અત્યંત મુશ્કેલ બની જાય છે. આર્થિક વિકાસના યુગમાં પણ, કરોડો લોકો હજુ પણ સાહુકાર કે બેંકના વ્યાજના તાણ હેઠળ પોતાનું જીવન ગુમાવી બેસે છે. પ્રશ્ન એ છે કે – આ વ્યાજના ચક્રમાં હજુ કેટલી જિંદગી હોમતી રહેશે ?

**વ્યાજનો ઈતિહાસ અને આજની પરિસ્થિતિ**

વ્યાજ પ્રાચીન કાળથી ચાલતો આવ્યો છે. પહેલાં તે માત્ર સાહુકારો સુધી મર્યાદિત હતો. ગામના લોકો જરૂરિયાતે તેમના પાસે જઈને નાણાં લેતા, પરંતુ ઉંચા વ્યાજના કારણે જીવનભર દેવાની જાળમાં ફસાઈ જતા. આજે પરિસ્થિતિ થોડે બદલાઈ છે – સાહુકારોની જગ્યાએ બેંકો, માઈક્રોફાઈનાન્સ કંપનીઓ અને આનલાઈન લોન આપતી એજન્સીઓ આવી ગઈ છે. પરંતુ એક બાબત યથાવત છે : દેણદાર માટે વ્યાજ હજી પણ ભારરૂપ છે.

**ગરીબ અને મધ્યવર્ગ પર ભાર**

અમીર વ્યકિત માટે લોન એક રોકાણ બની શકે, પણ ગરીબ માટે લોન ઘણી વાર જીવનની જરૂરિયાત પૂરી કરવા માટે લેવામાં આવે છે – ઘરની મરામત, ખેતીમાં ખર્ચ, સંતાનોનું શિક્ષણ કે તાત્કાલિક સારવાર.

જયારે આવક ઓછી હોય અને વ્યાજ દરો ઊંચા હોય, ત્યારે લોન ચૂકવવી મુશ્કેલ બની જાય છે. એક વ્યાજની કિસ્ત ચૂકવવા બીજી લોન લેવી પડે છે. આમ, દેવું ક્યારેય પૂરૂ થતું નથી – પરંતુ વધતું જ રહે છે.

**આત્મહત્યાના કિસ્સાઓ**

ભારત સહિતના અનેક દેશોમાં ખેડૂતોના આત્મહત્યાના


શ્રી કે.ડી.સેદાણી
શાલીગ્રામ પ્રાઈમ, સાઉથ બોપલ–અમદાવાદ




કિસ્સાઓ વ્યાજના ચક્ર સાથે સીધા જોડાયેલા છે. પાક નિષ્ફળ જાય. ભાવ ન મળે, ત્યારે સાહુકારો કે બેંકોની વસૂલાતી નીતિઓ ખેડૂતોને અંતિમ પગલું ભરવા મજબૂર કરે છે. એક જ પરિવારનું ઉદાહરણ લઈએ: પિતા દેવામાં ડૂબી આત્મહત્યા કરે છે. પછી પુત્ર દેવું ચૂકવવા લોન લે છે અને તે પણ બોજ સહન ન કરી શકતો નથી. આમ. પેઢી દર પેઢી જીવતા જીવતા હોમાઈ જાય છે.

**વ્યાજ અને માનસિક સ્વાસ્થ્ય**

વ્યાજ માત્ર આર્થિક બોજ જ નથી, પણ માનસિક બોજ પણ છે. લોન ચૂકવવાની ચિંતા માણસની ઊંઘ હરામ કરે છે, પરિવારના સંબંધોમાં તણાવ લાવે છે અને અનેક વાર હિંસક પરિસ્થિતિઓ સર્જે છે. દેણદાર વ્યકિત સતત એક અદશ્ય દબાણમાં જીવે છે – "કાલે કિસ્ત કેવી રીતે ભરવી ?" આ અશાંતિ તેના આરોગ્યને ખાય છે અને ધીમે ધીમે જીવનશકિતને ખતમ કરે છે.

**શું કોઈ ઉકેલ છે ?**

વ્યાજના વિષચક્રમાંથી બહાર નીકળવા માટે કેટલાક માર્ગો વિચારી શકાય:

૧. શિક્ષણ અને જાગૃતિ – લોકોને આર્થિક જ્ઞાન આપવું જરૂરી છે. કેટલું લોન લેવું, કેવી રીતે બચત કરવી, ક્યાં રોકાણ કરવું – આ બાબતોની સમજણ ગરીબ વર્ગ સુધી પહોંચવી જોઈએ.

૨. સસ્તું અને સહેલું ક્રેડિટ – સરકાર અને સહકારી સંસ્થાઓએ ગરીબોને ઓછા વ્યાજે લોન આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. સાહુકારો કે ખાનગી ફાઈનાન્સ કંપનીઓના શોષણથી લોકોને બચાવવું એ પ્રથમ પગલું છે. ૩. આવકના વિકલ્પો – માત્ર ખેતી કે એક જ રોજગાર પર આધાર રાખનારી જનતા માટે વધારાના રોજગારના વિકલ્પો ઊભા કરવા પડશે. જેથી લોન પર નિર્ભરતા ઘટે.

૪. સામાજિક આધાર – વ્યાજના બોજને કારણે આત્મહત્યા તરફ ધકેલાતા લોકોને માનસિક પરામર્શ, પરિવારનો આધાર અને સમાજની સાથે આપવી જરૂરી છે.

**અંતિમ વિચારછ :** વ્યાજ એક આવશ્યક આર્થિક વ્યવસ્થા છે, પરંતુ તેનું રૂપ એટલું ભયાનક બની ગયું છે કે તે જીવદયા કરતા જીવલેણ સાબિત થઈ રહ્યું છે. આજે જો પગલાં ન લેવાય, તો આવતી કાલે વધુ જીવ વ્યાજના ચક્રમાં સમાઈ જશે.

પ્રશ્ન માત્ર આર્થિક નથી, માનવતાનો છે. શું આપણે સમાજ તરીકે તૈયાર છીએ – એવી વ્યવસ્થા ઊભી કરવા માટે કે જેમાં માણસ જીવન માટે લડે, વ્યાજ ચૂકવવા માટે નહી ?

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કુલમાં ટેકફેસ્ટ ૪.૦ (વિજ્ઞાન મેળા)નું આયોજન











અમરેલી શ્રીમતિ એસ.એચ.ગજેરાકેમ્પસવિદ્યાસભાસ્કુલ ખાતે તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ટેકફેસ્ટ ૪.૦ (વિજ્ઞાન મેળા)નું ભવ્ય આયોજનકરવામાંઆવ્યું.જેમાંવિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે વિદ્યાર્થીઓના થીમેટિક મોડલ્સ અને પ્રોજેકટસ સાથેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦થીવધુબાળવિજ્ઞાનીકોનેપ્રોત્સાહિત કરાવા કાર્યક્રમના ઉદ્‌ઘાટન સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલ, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી,શહેરભાજપપ્રમુખવિજયભાઈ ચોટલીયા, સા.સ.ના અધિકારી આશિષભાઈજોશી,મંત્રીચતુરભાઈખુંટ, ખોડાભાઈ સાવલીયા, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, કોલેજ વિભાગ નિયામક ગીરીશભાઈ ભીમાણી, નિમેશભાઈબાંભરોલીયા, મેહુલભાઈ ધોરાજીયા વગેરે ઉપસ્થિત રહયા હતા. સાંસદ ભરતભાઈ સુતરીયા સંસ્થાના વિકાસનીવાતકરતાજણાવ્યુંકેસંસ્થામાંજે વિદ્યાર્થીઓનેપ્લેટફોર્મપુરૂપાડવામાંઆવે છે.તેનાથીતેખુબજસારૂઅમરેલીજિલ્લાનું શૈક્ષણિક ક્ષેત્રે નામ થાય. વિદ્યાર્થીઓ વિજ્ઞાનક્ષેત્રેખુબઆગળવધેઅનેસંસ્થાના પ્રમુખદીર્ઘદ્રષ્ટા એવા વસંતભાઈ ગજેરા શ્રેષ્ઠશિક્ષણઅનેઅત્યાધુનિકટેકનોલોજી સાથેબાળકોનાસર્વાંગીવિકાસમાટેજયારે સમાજમાં અને વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડતા હોય છે તેમજ વિદ્યાર્થીઓને બિરદાવ્યાઅનેસન્માનિતકરીવૃક્ષારોપણ કર્યુ હતું. આ કાર્યકમમાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએટેકફેસ્ટ ૪.૦મેળાનોઆનંદ માણ્યો. આ કાર્યક્રમનેસફળબનાવવા વિદ્યાર્થીઓતેમજસ્ટાફધ્વારાજહેમત ઉઠાવેલ.તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા તમામને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## બાબરાનાં ઘુઘરાળા ગામે રૂપિયા ૧ કરોડનાં ખર્ચે નવા પુલનુ થશે નિર્માણ

### સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૨૭

લાઠી/બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાએ પોતાના મતવિસ્તારમાં વિકાસ કાર્યોને વેગ આપવા માટે એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે બાબરાના ઘુઘરાળા ગામે નવો પુલ બનાવવા માટે રૂ. ૧ કરોડ મંજૂર કરાવ્યા છે. આ નિર્ણયથી આસપાસના ગ્રામજનોમાં ખુશીનો માહોલ છે અને તેઓએ ધારાસભ્ય અને ગુજરાત સરકારનો આભાર વ્યકત કર્યો છે.




આ નવા પુલના નિર્માણથી ઘુઘરાળા સહિત આસપાસના ગામડાઓના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન આ માર્ગ પર પાણી ભરાવાને કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે હવે દૂર થશે.

સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, ધારાસભ્ય જનક તળાવિયા હંમેશા લોકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ રહ્યા છે અને આ પુલના નિર્માણથી તેમની લાંબા સમયથી પડતર માંગણી પૂર્ણ થઈ છે. આ વિકાસકાર્ય માટે તેમણે ધારાસભ્ય જનક તળાવિયા અને રાજય સરકારનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ તેમજ મહામંત્રી તથા ટીમ, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના વડીલો તેમજ ગામજનો તથા આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતાં.

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ
Since 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad 131




## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી પ્રભાબેન વેણીશંકર જોષી તે ગીરીશભાઈ, કીર્તિભાઈ તથા રાજેશભાઈ ઈલાબેન, જયશ્રીબેનના માતૃશ્રી તેમજ રક્ષિત ઉમંગ, હર્ષિલના દાદીનુ દુઃખદ અવસાન તારીખ ૨૭/૯/૨૫ને શનિવારના રોજ થયેલ છે. જેમનું બેસણું : તારીખ ૨૯/૯/૨૫, સોમવારના રોજ બપોરે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૩૫ | ૧૩૬૪ |
| ૨ | જીરૂ | ૩૪૧૧ | ૩૪૧૧ |

પાના ૮ ઉપરનું ચાલું
### ભારે વરસાદની સંભાવના

ખેડૂતોને પાક બચાવ અંગે સાવચેત રહેવું પડશે. ખાસ કરીને મગફળી, કપાસ જેવા પાક ખેતરમાં ખુલ્લા હોવાથી વરસાદથી નુકસાન થવાની શક્યતા છે. હવામાન વિભાગે સલાહ આપી છે કે ખેડૂતોએ પાકને નુકસાનથી બચાવવા શક્ય હોય ત્યાં સુધી યોગ્ય સંગ્રહ વ્યવસ્થા કરી લેવી જોઈએ. સપ્ટેમ્બર મહિનાના અંતિમ દિવસોમાં ગુજરાતમાં ફરી વરસાદી માહોલ સર્જાશે અને રાજયના અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ હેઠળ સાવચેત રહેવાની જરૂરિયાત ઉભી થઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
### બગસરાનાં હીરા ઉદ્યોગમાં

જયારથી રશિયા અને યુક્રેન યુધ્ધ થયું ત્યારથી આજ દિન સુધી આ હીરાની ચમક જાણે સાવ નહિવત પ્રમાણ થઈ ગય હોય તેવું લાગી રહ્યું છે. તો આવી પરિસ્થિતિમાં હીરા ઘસુઓને પુરા ભાવ ના મળવાથી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જયારે ટૂંક સમયમાં દિવાળી જેવા તહેવારો આવી રહ્યા છે ત્યારે આમ જ ચાલશે તો આવા કારીગરોને દિવાળી ઉજવવી ખુબ મુશ્કેલ બની જશે. તો આવા તમામ કારીગરો અને કારખાના ધારાકોને પૂરતું કામ પણ મળે તેવી સરકારને રજૂઆત મૂકી છે. ત્યારે આવા કારખાનેદારો પણ સરકારને રજૂઆત કરી પોતાનું અને પોતાને ત્યાં કામ કરતા કારીગરોનું ગુજરાત ચાલે તે માટે હીરા ઉદ્યોગને પ્રોત્સાહન મળે અને ફરીથી હીરાની આ ચમકથી બગસરા ચમકી ઉઠે તેવી અપીલ કરી છે.

પાના ૮ ઉપરનું ચાલું
### રાજુલાની દરિયાઈ સીમમાંથી

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી છે. નિષ્ણાંતોની ટીમ હવે પાઉડરના નમૂનાઓની તપાસ કરશે જેથી હકીકત બહાર આવી શકે. પાઉડર નશીલા પદાર્થનું છે કે અન્ય કોઈ રસાયણિક પદાર્થ તે હજી સ્પષ્ટ થયું નથી.

સ્થાનિક માચ્છીમારોમાં ઘટનાને લઈ ચિંતા જોવા મળી રહી છે. કારણ કે દરિયાઈ સીમા માધ્યમથી ઘણીવાર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવાની શંકા રહેતી હોય છે. પોલીસે હાલ આ બોકસ કયાંથી અને કેવી રીતે દરિયામાં પહોંચ્યું તેની પણ તપાસ શરૂ કરી છે.

સુરક્ષા એજન્સીઓ ઘટનાને ગંભીરતાથી લઈ રહી છે અને તમામ સંભવિત દિશામાં તપાસ આગળ વધારી રહી છે. આવતા દિવસોમાં એફએસએલના રિપોર્ટ બાદ સમગ્ર મામલો સ્પષ્ટ થઈ જશે. હાલ તો રાજુલા વિસ્તારમાં આ શંકાસ્પદ પાઉડર મળતા ચકચાર મચી ગઈ છે અને પોલીસ તંત્ર સતર્ક બન્યું છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૫૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૨૫ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૫૫ |
| ૫ | ચણા સફેદ | ૧૭૦૫ | ૧૭૨૫ |
| ૬ | તુવેર | ૭૮૦ | ૮૦૦ |
| ૭ | અડદ | ૯૪૦ | ૧૧૦૦ |
| ૮ | મગ | ૮૦૦ | ૧૪૭૪ |
| ૯ | સોયાબીન | ૭૬૫ | ૭૭૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૭૦ |
| ૧૧ | મગફળી | ૫૦૫ | ૮૧૧ |
| ૧૨ | શીંગફાડા | ૮૫૫ | ૯૯૯ |

### અમરેલી ખાતે યોજાયેલ પોષણ ઉત્સવમાં

## લીલીયા મોટા : આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોનું સન્માન કરવામાં આવ્યું

### સાંસદ, ધારાસભ્ય અને ડીડીઓનાં હસ્તે સન્માન

અમરેલી, તા. ૨૭

અમરેલીખાતેઆવેલસોની જ્ઞાતિની વાડીમાં પોષણ ઉત્સવની વાનગીસ્પર્ધાતેમજ૨૦૨૨–૨૦૨૩ના વર્ષનોમાતા યશોદા એવોર્ડનું આયોજન કરવામાં આવેલ. જે કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા રહ્યા ઉપસ્થિત સહુ પ્રથમ આવેલ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. જેમાં લીલીયા ઘટકનાં આંગણવાડી વર્કર – હેલપર બેહનો એ લીલીયા તાલુકાને સન્માન અપાવેલ હતું. જેમાં લીલીયા કોડ નંબર ૬ કેન્દ્ર નંબર ૧૦ ના વર્કરબેન માધવીબેન જોશી ને ૩૧૦૦૦/– હજાર તેમજ હેલ્પર બેન દક્ષાબા પરમાર ૨૧૦૦૦/– નો જિલ્લા કક્ષા નો એવોર્ડ મળેલ છે તેમજ ક્રાંકચ ગામના કોડ નંબર ૪૩ કેન્દ્ર નંબર ૩ ના વર્કરબેન કલ્પનાબેન જોશી ને ૨૧૦૦૦/– હજાર તેમજ હેલ્પર બેન પારૂલબેન ગોસાઈ ને ૧૧૦૦૦/– નો તાલુકા કક્ષાનો એવોર્ડ મળેલ છે તેમજ




વાનગી સ્પર્ધામાં લીલીયા ઘટકની વર્કર બહેનો દ્વારા મિલેટમાંથી તેમજ ટીએચઆર માંથી વાનગી બનાવી ભાગ લીધેલ. આ તમામ સમારંભમાં લીલીયાના સી.ડી પી.ઓ મીનાક્ષીબેન રાઠોડ લીલીયાના સુપરવાઈઝર પ્રભાબેન, હર્ષિતાબેન, નિરાલીબેન તેમજ આંગણવાડી યુનિયન પ્રમુખ નયનાબેન ગરાણીયા હાજર રહેલ અને સમગ્ર જિલ્લામાં લીલીયા તાલુકાનું નામ રોશન કરવા બદલ બહેનોને શુભકામના પાઠવેલ.




## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૭૫ | ૧૩૧૧ |
| ૨ | કપાસ કોડી | ૯૯૨ | ૧૧૫૩ |
| ૩ | મગફળી | ૮૬૦ | ૮૬૦ |
| ૪ | ઘઉં | ૫૧૪ | ૫૧૫ |
| ૫ | તલ | ૧૪૦૦ | ૧૮૭૬ |
| ૬ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૭ | રાઈ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૮ | મેથી | ૮૯૦ | ૮૯૦ |
| ૯ | એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
### બાઈક અથડાતા મહિલાનું મોત

બગસરા આવતા હોય તે વખતે મહેશભાઈએ પોતાના હવાલાની મોટર સાયકલ નં. જી.જે–૦૫ એફએચ ૩૧૪૪ ને રોડ ઉપર આગળ જતા ત્રણ વ્હીલવાળા સનેડા વાહનની સાઈડ કાપવા જતા મોટર સાયકલના હેન્ડલનો કાબુ ગુમાવતા મોટર સાયકલનું હેન્ડલ મુકાઈ જતા તે સનેડો વાહનના પાછળના વ્હીલ સાથે ભટકાવી દેતા મીનાબેન ઉર્ફે ભારતીબેન રોડ ઉપર પડી જતાં માથામાં તેમજ મોઢા ઉપર ગંભીર ઈજાઓ કરી મીનાબેનનું મોત નિપજાવી દીધાની પોતે જ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ચૈતન્ય દેવીઓની ઝાંખીના દિવ્ય દર્શન


સાવરકુંડલા શહેરમાં જયારે નવલાં નવરાત્રીનો રંગ જામ્યો છે ત્યારે શહેરમાં ઠેર ઠેર આકર્ષક મૂર્તિઓના થીમ સાથેની પ્રતિમાઓ પણ સ્થયાય છે ત્યારે સાવરકુંડલા ખાતે દેવળાના ઝાંપે આવેલ કૃષ્ણ ગૌશાળા ખાતે ઓપરેશન સિંદૂર થીમ સાથે પ્રજાપિતા બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ચૈતન્ય દેવીઓની ઝાંખીના દિવ્ય દર્શન એ પણ સંપૂર્ણ લાઈવ આ કાર્યક્રમ તારીખ ૨૫, ૨૬,૨૭ યોજાય રહ્યો છે. પરમ પિતા શિવ પરમાત્માની શકિતઓ જેનો આપણે મહિમા કરીએ છીએ માં અંબા, માં દુર્ગા, માં સરસ્વતી માં લક્ષ્મી ચૈતન્ય ઝાંખી સાથેના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર કૃષ્ણ ગૌશાળાના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી છે. હવે વાત કરીએ કૃષ્ણ ગૌશાળાની તો છેલ્લા પચીસ વર્ષોથી આ સંસ્થા ફકત અશકત, લૂલી લંગડી, અકસ્માતે ઘાયલ, જંગલી જાનવરો દ્વારા ઈજા પામેલ ગૌવંશના નિભાવ અને સારવાર કરે છે. આ સંસ્થાને કોઈ આર્થિક ઉપાર્જનનું માધ્યમ નથી કેવળ દાતાઓના દાનથી ચાલતી આ ગૌશાળામાં આપે આપેલું અનુદાન સો ટકા યોગ્ય માર્ગે વપરાશે. ગતરોજ આ સંસ્થાની મુલાકાત ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા તથા અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ પણ લીધી હતી. આ સંસ્થાના સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આપ પણ આ સંસ્થાની મુલાકાત એક વખત અવશ્ય લઈને પ્રત્યક્ષ રીતે નિહાળો અને પછી આપના હદયમાં રામ વસે તો યથાયોગ્ય દાન કરો. નવરાત્રી સમયે કરેલું દાન પણ અનેક ગણું પૂણ્ય ફળ આપે છે એમ શાસ્ત્ર કહે છે.

# નવાણીયા : કોલકત્તા, પાવાગઢ જેટલુ જ મહત્વ ધરાવતા કોઠાવાળી મહાકાળી માતાજીનું મંદિર

કોટડાપીઠા, તા. ૨૭

મહાકાળી માતાજીનું મુખ્ય સ્થાનક કલકતા અને બીજુ પાવાગઢ આવેલુછે. પરંતુએટલુ જ મહત્વધરાવતુ ત્રીજુ સ્થાન બાબરા તાલુકાના નવાણીયા ગામે કોઠાવાળી મહાકાળી માતાજીનું સ્થાનક છે. અહીં કોઈપણ રોગ કે વિનાશથી રક્ષણ માટે ભકતો માતાજીની લાપસી માને છે. એવી લોકવાયકા છે કે ૫૦૦ થી ૬૦૦ વર્ષ પેલા આ ગામમાં લાખો વણઝારો વેપાર ધંધા માટે પોઠો લઈને ગામના પાદરમાં ઉતર્યા હતા. ત્યારે તેમની પાસે નાણા ખુટી જતા ગામના દરબારની પાસે સમસ્યા રજુ કરતા દરબારે તેના જસાણી કામદારને લાખાએ નાણાને બદલે માતાજીની મૂર્તિ



અડાણે મૂકી અને જયારે નાણા પાછા આપી મૂર્તિ લેવા આવ્યા ત્યારે જયાં દરબારે જસાણી કામદારે જે કોઠા ઉપર માતાજીની સ્થાપના કરી હતી. તે ગોખમાંથી અવાજ આવ્યો કે હવે હું તારી સાથે નહીં આવુ તને જયારે દર્શનની ઈચ્છા થાય ત્યારે તુ અહીંયા આવજે જસાણી કામદારનાં સપનામાં આવી માતાજીએ કહ્યું કે હું જસાણી પરિવારનાં કુળદેવી તરીકે પણ પુજાઈશ અને અઢારેય વરણમાંથી કોઈપણ મને સાચા મનથી યાદ કરશે તો હું તેમની મનોકામના પૂર્ણ કરીશ.

હાલ આ ગામનાં ખેડૂતોનાં કરવેરાથી દશેરાનાં દિવસે હવન થાય છે. કોઈપણ વિનાશ કે રોગથી રક્ષણ માટે ગામનાં લોકો માતાજીને લાપસી કરે છે. નવરાત્રીમાં અહીંયા મોટી સંખ્યામાં ભકતજનો ઉમટી પડે છે. તેમન આઠમનો મહીમા ખુબ જ મોટો છે. રવિવાર તેમજ મંગળવારનાં દર્શનનો પણ અહીં વિશેષ મહિમા છે.

## જિલ્લા વિદ્યાસભા સંચાલિત

# અમરેલી : મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનુ એફ.વાય.બી.એ. (સેમ-૦૧)નુ ઉજ્જવળ પરિણામ

### દ્રષ્ટિ કલસારા, ધ્રુવી ડાભી, અમીના શાહમદારે ગૌરવ વધાર્યુ







અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની જાન્યુઆરીમાં લેવાયેલ એફ.વાય.બી.એ. (સેમ-૦૧)ની પરિક્ષાનુ પરિણામ જાહેર થયુ છે.

જેમાં કોલેજની વિદ્યાર્થીની દ્રષ્ટિ કલસારા પ્રથમ સ્થાને, ધ્રુવી ડાભી દ્વિતિય ક્રમે અને અમીના શાહમદારે તૃતિય સ્થાન મેળવી કોલેજનુ ગૌરવ વધારેલ છે.

ઉજજવળ પરિણામ મેળવવા બદલ કોલેજનાં તમામ અધ્યાપકોએ મહેનત કરેલ.

## મહંત સારવાર હેઠળ હોવા છતા પરંપરા મુજબ

# ગઢિયા ગીરમાં આજે સંતવાણી ભજન અને ભોજનનો ભવ્ય કાર્યક્રમ

### ખ્યાતનામ કલાકારો સંતવાણીની રમઝટ બોલાવશે

ચલાલા, તા. ૨૭

સૌરાષ્ટ્રની જગવિખ્યાત દેહણ દાનબાપુની જગ્યાના મંહત મહારાજપૂજય વલકુ બાપુના આશીર્વાદ.. અને પ્રસન્નતાથી ભજન ભોજન ભકિતનો ત્રિવેણી સંગમ એવું દાનેવ ધામ ગઢીયા ગીરમાં પ્રાકૃતિક સૈંદર્યમાં નવું આકાર પામી રહેલ અંશાઅવતાર દાન મહારાજની જગ્યામાં આજે તા, ૨૮/૯/૨૦૨૫ રવિવારના રાત્રે ૯:૦૦ કલાકે ગઢીયા ગીરમાં ભવ્ય સંતવાણીનો કાર્યક્રમ સંતો મહંતો સેવકો અને મહાનુભવોની ઉપસ્થિતિમાં ખ્યાતનામ કલાકારો દ્વારા આ વર્ષમાં લગલગાટ અવિરત દસમો સંતવાણીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને ભજન ભોજનનો અમૂલ્ય લાભ લેવા ધર્મપ્રેમી જાહેર જનતાને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર રહેલા મહંત હર્ષદ બાપુ ભગતે લાગણી સભર જાહેર નિમંત્રણ પાઠવેલ છે. આ વર્ષના લગલગાટ દસમાં સંતવાણીના કાર્યક્રમમાં ખ્યાતનામ ભજનીક અને લોકસાહિત્યકાર પ્રફુલભાઈ બગથલીયા, ભરતભાઈ ખવડ, મિતેષ પ્રજાપતિ, કપિલબાપુ દેવમુરારી, હીના હિરાની કિંજલ મકવાણા ધાર્મિક ગજ્જર, (સાંજીદાગ્રુપ) સહિતના નામી અનામી ખ્યાતનામ કલાકારો વિપુલ સાઉન્ડના સથવારે સંતવાણીની રમઝટ બોલાવશે. ગઢીયા ગીર તાલુકો ધારી જિલ્લો અમરેલીમાં પૂજયવલકુ બાપુના આશીર્વાદથી અંશાવતાર પૂજય દાન મહારાજની નવી જગ્યા આકાર લઈ રહી છે ત્યાં એક પ્રેમાળ અને સરળ સ્વભાવ ધરાવતા સાત્વિક મહંત હર્ષદ બાપુ ભગતને આવતી કાલ તારીખ ૨૭,૯,ના સવારે ગઢીયા ગીર ગામના જ માથાભારે અને અસામાજિક તત્વો દ્વારા જગ્યામાંથી ભગાડી મૂકવા માટે અને આ જગ્યા બંધ કરાવી દેવા માટે મહંત હર્ષદ



બાપુ ભગત ઉપર મરણોતલ હુમલો કરી ઘાયલ કરી દેવામાં આવેલ હતા. મહંત હર્ષદ બાપુભગત અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તો પણ તેના કહેવા મુજબ ગઢીયા ગીરમાં દાનેવ ધામ જગ્યામાં રાબેતા મુજબ આજે તા, ૨૮, ૯, રાત્રીના ૯:૦૦ કલાકે ભજન અને ભોજનનો કાર્યક્રમ યથાવત જ ચાલુ રાખવામાં આવેલ છે. તો ભાવિક ભકતજનોને આ દિવ્ય ભજન ભોજન સંતવાણીનો અમૂલ્ય લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

આ નવું નિયુકત આકાર પામી રહેલ દાન મહારાજની જગ્યામાં મહંત મહારાજ હર્ષદ બાપુ ભગતના સાનિધ્યમાં ભકિત, ભજન, ભોજનનો ત્રિવેણી સંગમની સાથે ધર્મની ધજા ફરકી રહી છે, બંને ટાઈમ હરિહરના હાદ પડી રહ્યા છે. ગૌમાતાની સેવાઓ થઈ રહી છે. મૂંગા પશુ પક્ષીને ચણ નખાય રહી છે. બંને ટાઈમ ઝાલરૂ વાગી રહી છે. સનાતન ધર્મનો જયઘોષ થઈ રહ્યો છે. આ બધી સેવાઓની સાથે સાવજો તરસ છીપાવવા જગ્યાની આજુબાજુ આટા ફેરા લગાવી રહ્યા છે. આવી વનપ્રાકૃતિક મનોહર વાતાવરણમાં ગઢીયા ગીર દાનેવ આશ્રમમાં પૂજય દાન મહારાજ સહિતના દેવોના બેસણા છે. તેને વંદન કરવા એકવાર ચોક્કસ જવા જેવું ધાર્મિક સ્થળ છે.

## ધારાસભ્ય મહેશ કસવાલાનાં હસ્તે

# લીલીયા મોટાની કન્યા વિદ્યાલયમાં ૨૪૩ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ

### સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા

લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલયમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં ધોરણ નવ અને દસમા અભ્યાસ કરતી ૨૪૩ વિદ્યાર્થીની બહેનોને સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો આ તકે સ્થાનિક ધારાસભ્ય અને સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ જેમાં ધોરણ નવ અને દસ માં અભ્યાસ કરતી બહેનોએ સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોને આવકાર્યા હતા. ત્યારબાદ અરૂણભાઈ પટેલે શાબ્દિક સન્માન કરી ધારાસભ્યને પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માનિત કરેલ ત્યારબાદ ધારાસભ્યએ પોતાના વ્યકતવ્યમાં જણાવેલ કે એક સાથે ૨૪૩ વિદ્યાર્થીની બહેનોને સાયકલ વિતરણ કરી રહ્યો છું તે મારા માટે જીવનનો પહેલો પ્રસંગ છે ત્યારબાદ સ્વદેશી આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ, વાલીઓ અને કર્મચારીઓને સ્વદેશી વસ્તુ ખરીદી કરવા અપીલ કરી હતી ત્યારબાદ શાળાના મેદાનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને સાયકલ વિતરણ કરવામાં આવેલ આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મગનભાઈ વિરાણી, ધીરૂભાઈ ઉમરેઠીયા, મનસુખભાઈ ચોપડા, નિયામક બાબુભાઈ ધામત, ભીખાભાઈ ધોરાજીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ભનુભાઈ ડાભી, અરજણભાઈ ધામત કેપ્ટન, ભાસ્કરભાઈ પટેલ, એડવોકેટ કિશોરભાઈ પાઠક, ઘનશ્યામ મેઘાણી, અમૃતબા વિદ્યાલયના આચાર્ય હસમુખભાઈ કરડ, મીનાક્ષીબેન બારૈયા સહિતના મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સમગ્ર આયોજન શાળા આચાર્ય રંજનબેન રાદડિયાના માર્ગદર્શન તળે



કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની | અખબારી યાદીમાં જણાવેલ છે.

# ચલાલાના શિક્ષકની દુરદર્શન દ્વારા લેવાયે રૂબરૂ મુલાકાતનું પ્રસારણ થયું



ચલાલા, તા, ૨૭

'મારી શિક્ષણયાત્રા' અને 'વ્યક્તિ વિશેષ' કાર્યક્રમ અંતર્ગત ચલાલાની દાનેવ પ્રા. શાળાના શિક્ષક ઉમેશભાઈ ચાવડાની સલીમ સોમાણી (દૂરદર્શન કેન્દ્ર, રાજકોટ) દ્વારા લેવાયેલ રૂબરૂ મુલાકાતનું, દૂરદર્શન ટીવી ચેનલ ડીડી ગિરનાર પર ગત ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ પ્રસારણ કરવામાં આવેલ. જેમાં ઉમેશભાઈએ પોતાની શૈક્ષણિક સફર અને કલાસરૂમ ટેકિનકસની રસપ્રદ વાતો રજૂ કરેલ. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના દ્વારા પપેટ, વાર્તા તથા ગીત – સંગીત દ્વારા શિક્ષણકાર્ય કરવાના અનેક પ્રયોગો થઈ રહ્યાં છે. ચલાલાના તમામ પ્રતિષ્ઠિત લોકો દ્વારા તેમને શુભેચ્છા અપાઈ રહી છે.

## ધારાસભ્ય કસવાલાની ઉપસ્થિતિમાં

# લીલીયા : કિસાન સેવા સહકારી મંડળની સાધારણ સભા મળી

### સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા મોટા ઉમિયા માતાજીના મંદિર ખાતે કિસાન સેવા સહકારી મંડળીની આઠમી વાર્ષિક સાધારણ સભા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં મળી હતી. આતકે સૌ પ્રથમ ધારાસભ્ય સહિતના આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી સાધારણ સભાનો પ્રારંભ કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના હોદ્દેદારો દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનું સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવેલ તેમજ ધારાસભ્ય દ્વારા સભાસદ કલ્યાણનિધિના બેચેક વારસદારોને અર્પણ કરવામાં આવેલ. આ તકે સહકારી આગેવાન અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, બાબુભાઈ ધામત, મીનાક્ષીબેન બારૈયા સહિતના બોર્ડ ઓફ ડિરેકટર તેમજ આમંત્રિત મહેમાનો અને સભાસદો ઉપસ્થિત રહેલ. તેવી જ રીતે ગુંદરણ ખાતે ધારાસભ્ય તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, કાનજીભાઈ નાકરાણી, હસમુખ પોલરા, નિર્મળભાઈ ખુમાણ દ્વારા ગુંદરણ ખાતે આવેલ સરદાર બાગમાં વૃક્ષારોપણ તેમજ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ તેમજ ગુંદરણ પ્રાથમિક શાળા ખાતે સી.આર.સી અભિષેક ઠાકર તેમજ શાળાના આચાર્ય પારૂલબેન સોજીત્રા દ્વારા ધારાસભ્યની ઉપસ્થિતિમાં એક પેડ માં કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ. તેવી જ રીતે હાથીગઢ ગામે વાલજીભાઈ માંડણકા, કાળભાઈ ધોરાજીયા, નિલેશ ધોરાજીયા, કરશનભાઈ ધોરાજીયા, રજાકભાઈ મેતર, કમલેશભાઈ ધોરાજીયા સહિતના કાર્યકરો સાથે શુભેચ્છા મુલાકાત કરી ગામને લગત પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. ત્યારબાદ સનાળીયા ખાતે ધારાસભ્ય સહિતના કાર્યકરો દ્વારા ગામના પ્રશ્નો અંગે સરપંચ અજયભાઈ સહિત ઘનશ્યામભાઈ રાદડિયા, રામભાઈ મુખી, પી.પી.પાચાણી, મનુભાઈ હિરપરા, અજય ગંભીર સાથે ગામના લગત પ્રશ્નોની ચર્ચા વિચારણાઓ કરવામાં આવેલ હતી.

# અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. જિલ્લા કલેકટર કચેરીના ખાતે જિલ્લા મળેલી આ બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય સર્વે હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા તરફથી રજૂ થયેલા સંદર્ભે જિલ્લા કલેકટરએ સમયમર્યાદામાં નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ સાથે તેમણે પ્રશ્નોના ઉકેલ સંદર્ભે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ કર્યું હતું. આ બેઠકમાં પીવાના પાણી, નેશનલ હાઈવે ઓથોરિટી હેઠળના માર્ગોની મરામત, જમીન સંપાદન, વનીકરણ, ગૌચરની જમીન નીમ કરવી, આધાર કાર્ડની કીટ કાર્યરત કરવા, વિકાસલક્ષી કામો, માર્ગ અને મકાન સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોના નિવારણ માટે સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નો સંદર્ભે સંબંધિત અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા. આ ઉપરાંત જિલ્લા વહીવટી તંત્રની પરસ્પર કચેરીઓ વચ્ચેના વહીવટી સંકલન સાધવા માટે જરૂરી પરામર્શ પણ કરવામાં આવ્યો હતો. આ બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલે કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજા સહિત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિના સભ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ગરબા મહોત્સવમાં ભકિતબાપુનું સન્માન



અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આયોજિત ગરબા મહોત્સવ દરમિયાન માનવસેવામાં નોંધપાત્ર યોગદાન આપનાર માનવ મંદિરના મહંત ભક્તિ બાપુનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. ભાવનગર રેન્જના આઈ.જી. ગૌતમ પરમાર કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

આ અવસર પર આઈ.જી.પરમારએ ભક્તિ બાપુને પ્રમાણપત્ર અર્પણ કરી તથા સાલ ઓઢાડી સન્માનિત કર્યા. તેમણે ભક્તિબાપુના માનવસેવા ક્ષેત્રે કરેલા કાર્યની સરાહના કરતાં જણાવ્યું કે સમાજના નબળા વર્ગો માટે ભક્તિબાપુની સેવા સૌ માટે પ્રેરણાસ્ત્રોત છે.

ગરબા મહોત્સવમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા અને ભક્તિ બાપુને મળેલ આ સન્માનથી સૌએ આનંદ અનુભવો. ભક્તિબાપુએ આ અવસર પર પોલીસ વિભાગ તથા સમાજજનોનો આભાર વ્યક્ત કરી કહ્યું કે માનવસેવા એજ સાચી ઉપાસના છે.

અમરેલી પોલીસ દ્વારા યોજાયેલ આ સન્માન સમારોહ માત્ર ભક્તિ બાપુ માટે નહિ પરંતુ સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી બની રહ્યો.

# સાવરકુંડલા નવરાત્રિ નિમિત્તે ગરબા ઉત્સવ યોજાયો



સાવરકુંડલા, તા.૨૭

નૂતન કેળવણી મંડળ સંચાલિત, સાવરકુંડલા સ્થિત વી.ડી.કાણકિયા આર્ટ્સ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. ૨૫-૯-૨૫ શુક્રવારના રોજ કોલેજના વિદ્યાર્થી ભાઈઓ – બહેનો માટે નવલા નોરતાં નિમિત્તે ગરબા – ઉત્સવનું આયોજન થયું હતું. સવારે ૮ : ૩૦ કલાકે કોલેજના ગ્રાઉન્ડમાં શક્તિ પર્વ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં કોલેજના મહિલા અધ્યાપક બહેનો તથા વિદ્યાર્થીની બહેનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ માતા સરસ્વતી તથા જગદંબા માતાજીની આરતી સાથે આ ગરબા ઉત્સવનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડો. એસ.સી.રવિયાએ આ તકે વિદ્યાર્થીઓને નવલા નોરતાની શુભેચ્છા પાઠવી હતી અને ગરબા ઉત્સવમાં રંગેચંગે ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના વિદ્યાર્થી ભાઈઓ – બહેનો પરંપરાગત પોશાક – ટ્રેડિશનલ પહેરવેશમાં સજ્જ થઈ ગરબા – ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દક્ષા ડી.જે.સાઉન્ડના તાલે અને પરંપરાગત ગુજરાતી ગીતો પર હીંચ, તાલીરાસ, ટીટોડો, ટપ્પો, દોઢીયો, માલધારીનો હુડો, ડાકલા, સીકસ સ્ટેપ વગેરે થીમ પર વિદ્યાર્થીઓએ તથા સ્ટાફ મિત્રોએ રમઝટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે કોલેજ પરિવારના તમામ સભ્યોએ ખાસ જહેમત ઉઠાવી.

# સુર્ય પ્રતાપગઢ ગામમાં પ્રાચીન ગરબાની અનોખી રમઝટ



અમરેલી, તા. ૨૭

વડિયા ગાનુ, સૂર્ય પ્રતાપગઢ માત્ર તેના પ્રાચીન મંદિરો અને ધાર્મિક સ્થાપત્ય માટે જ નહિ પરંતુ તેના પ્રાચીન ગરબાની અનોખી પરંપરા માટે પણ પ્રસિધ્ધ છે. ગામમાં ગરબા માત્ર નૃત્ય નથી, તે તો એક જીવંત સંસ્કૃતિ, ભક્તિ અને સામુદાયિક એકતાનું પ્રતિક છે.

પ્રત્યેક વર્ષે નવરાત્રિના તહેવારમાં, ગામવાસીઓ પરંપરાગત શૈલીમાં ગરબા રમવાનું શરૂ કરે છે. અહીંનું ગરબાનું માહોલ અલગ જ રોમાંચક હોય છે. સંગીતમાં પારંપરિક હલકું ટાળ અને લોકસંગીતનો મિશ્રણ, ખાસ તાળી અને ઢોલકીનો તાલ, અને રંગબેરંગી લાઈટસ સાથે ગરબા યોજાય છે. ખાસ વાત એ છે કે ગરબામાં માત્ર નૃત્ય જ નહિ, પરંતુ પ્રાચીન લોકગીતો, કથાઓ અને પવિત્ર ભક્તિગીતોની પણ સમીકૃતિ હોય છે.

આ ગરબા માત્ર મનોરંજન પૂરૂ પાડતું નથી, તે તો પેઢીથી પેઢી સુધી સંસ્કૃતિ અને પરંપરા જીવંત રાખવાનું એક સશક્ત સાધન છે. ગામના વૃધ્ધો ગરબાની પૂર્વ પરંપરાઓ અને તેના અર્થ વિશે બાળકોને સમજાવે છે, જેથી તેઓ તેમની ઐતિહાસિક વારસા સાથે જોડાયેલા રહે.

વિશેષતા એ છે કે અહીં ગરબા દરમિયાન 'સૂર્ય નમસ્કાર' અને પ્રાચીન ભજનસમિતિઓ સાથે ગરબા માટે પ્રારંભ થાય છે, જે સમગ્ર કાર્યક્રમને આધ્યાત્મિક મર્મ આપે છે. વિદેશી પ્રવાસીઓ અને કલાકારો પણ આ અનોખી ગરબાની રમઝટ જોવા માટે આ ગામની મુલાકાત લેતા હોય છે.

વડિયાના સૂર્ય પ્રતાપગઢમાં પ્રાચીન ગરબા માત્ર નૃત્ય નહિ પરંતુ સંસ્કૃતિ અને ભક્તિનો અદ્ભૂત મિલન છે, જે કોઈને પણ મંત્રમૂગ્ધ કરી દે છે.

# બાબરાનાં વિદ્યાર્થી તુષાર ઝાપડીયાને સાંસદ દ્વારા સન્માન પત્ર એનાયત



બાબરા, તા. ૨૭

બાબરા આર્યવીર બોયઝ હોસ્ટેલ વિદ્યાર્થી તુષાર ઝાપડીયા સમગ્ર બાબરા તાલુકામાં એનએમએસની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થવા બદલ અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા સન્માન પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યો હતો વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.

# સાવરકુંડલા : શિશુ સંવર્ધન માટે આદર્શ પ્લેટફોર્મ એટલે આંગણવાડી



સાવરકુંડલા, તા. ૨૭

બાળ આંગણવાડી એટલે શિશુ ઉછેરનું ખૂબ મહવનું કેન્દ્ર અહીં બાળક પોતાના વિસ્તારના નાના ભૂલકાઓ સાથે રમતાં હળતાં મળતાં શીખે છે. સરકારશ્રીની આ યોજના ભારતીય શિશુના માનસિક, શારીરિક અને બૌદ્ધિક વિકાસ સાથે એક તંદુરસ્ત વિચારધારા સાથે જીવનના ખૂબ જ મહત્વપૂર્ણ પ્રથમ પગથિયા પસાર કરે છે. અહીં શિશુની માવજત માતૃતુલ્ય ભાવથી કરવામાં આવે છે. એકાદ બે દિવસ કદાચ બાળકને થોડો સંકોચ થાય પરંતુ પછી અહીંથી જ પોતાના મિત્રો બનાવી પોતાને ગમતીલી રમતો પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક ક્ષેત્રે આગળ કેમ વધાય તેની પૂર્વભૂમિકા કે પૃષ્ઠભૂમિ સર્જાય છે. આમ બાળ આંગણવાડી એ માત્ર શિશુ માટે જ નહી પરંતુ વાલી વર્ગ માટે ટોનિકની ગરજ સારે છે સરકારની આ યોજના બાળ સંવર્ધન માટે ખરેખર ખૂબ આશીર્વાદ સમાન છે. એક સ્વસ્થ સમાજનું નિર્માણ આવા બાળ ઉછેર કેન્દ્ર બાળ આંગણવાડી દ્વારા થાય છે એ જ વાલી વર્ગ માટે ખરેખર ખૂબ મહત્વપૂર્ણ બાબત ગણાય.

# બાબરાના નડાળા ગામે રૂા. ૭૫ લાખના ખર્ચે બે પુલનું નિર્માણ કરાશે



બાબરા, તા. ૨૭

આ નવા પુલના નિર્માણથી નડાળા સહિત આસપાસના ગામડાઓના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન આ માર્ગ પર પાણી ભરાવાને કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે હવે દૂર થશે.

સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, ધારાસભ્ય જનક તળાવિયા હંમેશા લોકોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ રહ્યા છે અને આ પુલના નિર્માણથી તેમની લાંબા સમયથી પડતર માંગણી પૂર્ણ થઈ છે. આ વિકાસકાર્ય માટે તેમણે ધારાસભ્ય જનક તળાવિયા અને રાજય સરકારનો આભાર માન્યો હતો. આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ તેમજ મહામંત્રી તથા ટીમ, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના વડીલો તેમજ ગામજનો તથા આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થીત રહયા હતાં.





## માચ્છીમારો પરત ફરતા હોય શંકાસ્પદ બોક્સ જણાતા મરિન પોલીસને જાણ કરી

# રાજુલાની દરિયાઈ સીમમાંથી શંકાસ્પદ પાઉડરનો જથ્થો મળતા ચકચાર

**દરિયામાં તરતું બોક્સ લઈને પોલીસ વિભાગને સોંપી દીધુ**


**મામલો સંવેદનશીલ હોય મરિન પોલીસે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની મદદ લીધી**

**તાત્કાલિક ફોરેન્સિક સાયન્સની ટીમને સ્થળ પર બોલાવી ચકાસણી શરૂ કરાઈ**

**એફએસએલ રીપોર્ટ આવ્યા બાદ દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જશે**










અમરેલી, તા.૨૭

જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચબંદર દરિયાકાંઠે શંકાસ્પદ પાઉડરનો મોટો જથ્થો મળી આવતાં ચકચાર મચી ગઈ છે. માચ્છીમારો દરિયામાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે તેમને એક બોકસ તરતું નજરે પડયું. શંકા આવતાં તેમણે તે બોકસને કિનારે લાવી તાત્કાલિક પિપાવાવ મરીન પોલીસને જાણ કરી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસતંત્ર તરત જ હરકતમાં આવ્યું છે.

પિપાવાવ મરીન પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી સાથે જ આ મામલો સંવેદનશીલ હોવાને કારણે અમરેલી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ને પણ જાણ કરવામાં આવી. એસઓજીના પીઆઈ આર.ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમે બોકસની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બોકસની અંદર શંકાસ્પદ પાઉડર ભરેલું હોવાનું સામે આવ્યું છે.

કાયદો અને સુરક્ષાને લઈને ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જિલ્લામાં પુરપાટ ઝડપે દોડતા વાહનો ઉપર બ્રેક જરૂરી

# સાવરકુંડલાનાં જુના સાવર ગામની સીમમાં ડમ્પરે હડફેટે લેતા બાઈક સવારનું મોત

**જુના સાવર ગામનાં ધીરૂભાઈ કોગતીયાનું મોત નિપજયુ**

અમરેલી, તા.૨૭

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે દિવાળીબા હાઈસ્કુલ સામે રહેતા જયસુખભાઈ બેચરભાઈ કોગતીયાના જુના સાવર ગામે રહેતા મોટા ભાઈ ધીરૂભાઈ બેચરભાઈ કોગતીયા (ઉ.વ.૫૦) તા.૨૬ બપોરના આશરે દોઢ થી બે વાગ્યા દરમ્યાન તેમના મિત્રનું મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એએફ-૬૨૩૨ લઈને મજુરીકામ અર્થે જતા હતા. તે દરમ્યાન જુના સાવર ગામની સીમમાં ચાંદગઢની નાળ તરીકે ઓળખાતા રસ્તે પહોંચતા ડમ્પર નં. જી.જે.-૦૧ બીવી-૩૨૪૦ ના ચાલકે પોતાના હવાલાવાળુ ડમ્પર પુરઝડપે ચલાવી ધીરૂભાઈને કમર તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ કરી ધીરૂભાઈનું મોત નિપજાવી પોતાના હવાલા વાળુ ડમ્પર થોડે દુર મુકી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.









## નવરાત્રિનાં દિવસોમાં મેઘરાજા ગરબા રમે તો નવાઈ નહીં

# અમરેલી જિલ્લામાં આગામી મંગળવાર સુધી યલો એલર્ટ : ભારે વરસાદની સંભાવના

**રાજયનાં હવામાન વિભાગે સાવચેત રહેવા અનુરોધ કર્યો**





અમરેલી, તા.૨૭

ગુજરાત રાજયમાં હવામાન વિભાગ દ્વારા ૨૭ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ચાર દિવસ દરમિયાન રાજયના દક્ષિણ અને સૌરાષ્ટ્ર વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાશે તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, સુરત, વલસાડ, તાપી, નવસારી, ડાંગ, ભરૂચ, નર્મદા સહિતના દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ પડશે. સાથે જ ગાંધીનગર અને અમદાવાદમાં પણ ઝાપટાં પડશે તેવી આગાહી કરવામાં આવી છે. આ સમયગાળામાં વીજળી સાથે વરસાદ પડવાની શકયતા હોવાથી ખેડૂતો અને સામાન્ય નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા કેટલાંક દિવસોથી હવામાનમાં બદલાવ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે ભેજ અને વાદળછાયા વાતાવરણને કારણે વરસાદી ઝાપટાં પડવાની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ૨૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન પવનની ગતિ ૩૦થી ૪૦ કિ.મી. પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેના કારણે સમુદ્ર કિનારાના વિસ્તારોમાં માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી અપાઈ છે.

વરસાદી માહોલને કારણે

**અનુસંધાન પાના ૬ ઉપર**









*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)